
# 'ભટ્ટભાસ્કર' સહાયક ટ્રસ્ટ ફંડના દાતાશ્રીઓ



સ્વ. શ્રીમતી લીલાબેન રાવ
(ખંભાત)



શ્રી ભગવતીપ્રસાદ રાવ
(ખંભાત)




શ્રી ચંદ્રકાન્ત હ.રાવ
વડોદરા (અછાલિયા)



અ.સૌ. રેખાબેન ચંદુલાલ બ્રહ્મભટ્ટ
(ભાદરવા) વડોદરા



જાગીરદાર ગુરુવચન મંગલદાસ
(વિજાપુરવાળા) અમદાવાદ



પ્રો. શ્રી પી.સી. બારોટ
ચડાસણા-રાજકોટ



સૌ. પ્રમિલાબેન
પી.સી. બારોટ
ચડાસણા/રાજકોટ



સ્વ. શ્રી મંગળાબેન
ચુનીલાલ
બારોટ સાવલી-ગાંધીનગર



શ્રી ભાલચંદ્ર લાલજીભાઇ રાવ
(બી.એલ.રાવ) કહીપુર
યુ.એસ.એ.



શ્રી નટવરલાલ
મોતીલાલ બ્રહ્મભટ્ટ
જંગરાલ - મુંબઇ

# મેડીકલ સહાય ટ્રસ્ટ ફંડના દાતાશ્રીઓ



સ્વ. શ્રી એન.સી.બારોટ
(ઉનાવા) અમદાવાદ



શ્રી બચુભાઈ ખોડાભાઈ બ્રહ્મભટ્ટ
(ભાદરવા) વડોદરા




શ્રી બિપિનભાઈ શંકરલાલ
બારોટ (નાર) મુંબઈ



સ્વ. શ્રી પ્રવીણભાઈ અંબાલાલ
રાવ (નડીયાદ) લંડન



સ્વ. શ્રી મણીબેન અંબાલાલ બ્રહ્મભટ્ટ
(નડીયાદ) સુરત



ડૉ. શ્રી નિદત્ત પી. બારોટ
ચડાસણા-રાજકોટ



સૌ. ભૂમિકાબેન નિદત્ત બારોટ
ચડાસણા-રાજકોટ



સ્વ. શ્રી પ્રફુલ્લાબેન નરનારાયણ બ્રહ્મભટ્ટ
જાસપુર-અમદાવાદ-યુ.એસ.એ.



શ્રી નરનારાયણભાઈ બી. બ્રહ્મભટ્ટ
જાસપુર-અમદાવાદ-યુ.એસ.એ

# મેડીકલ સહાય ટ્રસ્ટ ફંડના દાતાશ્રીઓ



શ્રી કિરીટભાઇ એમ. બ્રહ્મભટ્ટ
ખારાઘોડા-આણંદ




અ.સૌ. કલાબેન રણજીતસિંહ રાવ
પાટણા/લંડન



સ્વ. શ્રી ગુરૂશરણભાઇ ગોરધનભાઇ
બ્રહ્મભટ્ટ ભાદરવા/વડોદરા



સ્વ. કમળાબેન
રમણલાલ બ્રહ્મભટ્ટ
અડાસ/વિદ્યાનગર



શ્રી જેઠાલાલ
અમથાલાલ બારોટ
વિજાપુર/મુંબઇ



સ્વ. ધનલક્ષ્મીબેન
સોમેશ્વર રાવ
બોરૂ/સુરત




સ્વ. મિનાર ભક્તશરણ રાવ
(પાટણા) વડોદરા




સ્વ. કાશીબેન
રામચંદ્ર બારોટ
વડસર, વડોદરા



શ્રી અરવિંદભાઇ
લલ્લુભાઇ બ્રહ્મભટ્ટ
જલસણ/વડોદરા



શ્રી મનહરભાઇ એમ. બારોટ
તારાપુર



શ્રી શંકરલાલ જેઠાલાલ બ્રહ્મભટ્ટ
જાસપુર/વડોદરા

# મેડીકલ સહાય ટ્રસ્ટ ફંડના દાતાશ્રીઓ



સ્વ. સરદારબા પ્રભાતસિંહ બારોટ
સાઠોદ/વડોદરા



સ્વ. મૂળજીભાઈ લાલભાઈ બ્રહ્મભટ્ટ
(બહીધરા) ભાદરવા



જીબાબેન ગુમાનસિંહ બ્રહ્મભટ્ટ
(વડસર) વડોદરા

શ્રી દિલીપભાઈ શાંતિલાલ
બ્રહ્મભટ્ટ નાર-અમેરિકા



શ્રીમતિ ઇન્દુમતી નટવરલાલ બ્રહ્મભટ્ટ
જંગરાલ/મુંબઈ



સ્વ. પુનીતા જયરાજ બ્રહ્મભટ્ટ
તારાપુર/યુ.એસ.એ.

# છાત્ર ભોજન ફંડના દાતા



સ્વ. કનુભાઈ શીવલાલ બ્રહ્મભટ્ટ
(ભાદરવા)



વાસુદેવભાઈ જયદેવલાલ બારોટ
(નિસરાયા) આણંદ



શ્રીમતી વર્ષાબેન વાસુદેવભાઈ
બારોટ (નિસરાયા) આણંદ



શ્રીમતી તરૂલતાબેન ગિરિશભાઈ
બ્રહ્મભટ્ટ બોરલ/વડોદરા



# ‘ભટ્ટભાસ્કર’ આ અંકનો રસથાળ



તંત્રી : ધીરજ સી. બ્રહ્મભટ્ટ                    સહતંત્રી : રાજેશ વી. બ્રહ્મભટ્ટ ‘‘રાજ’’

**૧-૪-૧૨ થી ભટ્ટભાસ્કરનું લવાજમ :**

વાર્ષિક ગ્રાહક - રૂા. ૨૫૧/-
આજીવન ગ્રાહક - રૂા. ૧૧૦૧/-
(ફોટા વિના)
આજીવન ગ્રાહક રૂા. ૧૨૦૧/- (ફોટા સાથે)
પરદેશમાં ૩૦૦ ડોલર સમકક્ષ
બ્ર.વિ.મંડળ આજીવન સભ્ય રૂા. ૧૧૦૧/-

**ભટ્ટભાસ્કરની જાહેરાતના ભાવ**

| વિગત | માસિક એક વખતના | વાર્ષિક |
|---|---|---|
| આખુ પાન ફોટા વિના | રૂા. ૧૨૦૦/- | રૂા. ૭૦૦૦/- |
| ફોટા સાથે આખુ પાન | રૂા. ૧૩૦૦/- | |
| અડધુ પાન ફોટા વિના | રૂા. ૬૦૦ /- | રૂા. ૩૫૦૦/- |
| ફોટા સાથે અડધુ પાન | રૂા. ૭૦૦/- | |
| કવરપેજ-૨ | | રૂા. ૮૦૦૦/- |
| કવરપેજ-૩ | | રૂા. ૮૦૦૦/- |
| કવરપેજ-૪ | | રૂા. ૧૨૦૦૦/- |
| લગ્ન ફોટા (ઓછામાં ઓછા) | | રૂા. ૭૦૦/- |

**લવાજમ મોકલવાનું સ્થળ**

શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ,
શ્રી દાજીભાઇ બ્રહ્મભટ્ટ છાત્રાલય,
કારેલીબાગ, વડોદરા - ૩૯૦ ૦૧૮.
ફોન નં. (૦૨૬૫) ૨૪૬૨૨૭૮
તંત્રી કે સહતંત્રીનો અથવા મંડળના કારોબારી સભ્યોનો સંપર્ક સાધવો.
શ્રી બ્ર.વિ.મંડળ - વડોદરાના નામનો ડી.ડી. અથવા ચેક લખવો.


| નં. | શીર્ષક | લેખક | પાન |
|---|---|---|---|
| ૧ | જીવનની ઘટમાળ | ધીરજ સી. બ્રહ્મભટ્ટ | ૮ |
| ૨ | ગોરસ | ચંદ્રકાન્ત હ. રાવ | ૧૦ |
| ૩ | ઓફિસે મોડા....(હાસ્ય) | પ્રા. બી.એચ.રાવ | ૧૨ |
| ૪ | વિચારોનો ઉન્માદ | સોભાગ જેઠાભાઇ બ્રહ્મભટ્ટ | ૧૫ |
| ૫ | વિયોગ | વિજયસિંહ પી. બારોટ | ૧૬ |
| ૬ | નમ્રતા સૌને ગમે | ભૂપેન્દ્ર હ. રાવ | ૧૮ |
| ૭ | હાસ્ય કણિકા | સંપાદકીય | ૨૦ |
| ૮ | દુઃખનું કારણ | બારોટ નરેન્દ્રપ્રસાદ એચ. | ૨૧ |
| ૯ | આતમના અજવાળે | શશિકાન્ત એચ બ્રહ્મભટ્ટ | ૨૧ |
| ૧૦ | ગરવી ગુજરાત | દેવાંશ ડી. બ્રહ્મભટ્ટ | ૨૨ |
| ૧૧ | રસોઇ | શિવાલી સી. બ્રહ્મભટ્ટ | ૩૨ |
| ૧૨ | ઘરવૈદુ | નલીની ડી. બ્રહ્મભટ્ટ | ૩૩ |
| ૧૩ | બ્યુટિટિપ્સ | જેસલ. બી. બ્રહ્મભટ્ટ | ૩૪ |
| ૧૪ | સંસ્થા સમાચાર | કાર્યાલય | ૩૫ |
| ૧૫ | આપ જાણો છો ? | કાર્યાલય | ૩૬ |
| ૧૬ | બાળકોની બાલવાડી | કાર્યાલય | ૩૯ |
| ૧૭ | દાન-લવાજમ | કાર્યાલય | ૪૧ |
| ૧૮ | અનુભવામૃત | મહેન્દ્રભાઇ એલ. બ્રહ્મભટ્ટ | ૪૨ |


**ભટ્ટભાસ્કર માટે આપની સાહિત્યિક કૃતિઓ નીચેના સરનામે મોકલતા રહો -**

**ધીરજ સી. બ્રહ્મભટ્ટ (તંત્રી : ‘ભટ્ટભાસ્કર’)**
૧૦૧, નવકાર રેસીડન્સી, મુરલીધર સોસાયટી, ગંગોત્રી ચાર રસ્તા, ગોત્રી રોડ, વડોદરા-૨૧. મો. ૯૬૨૪ ૨૨૨ ૬૫૪
E-mail : dhirajbrahmbhatt42@gmail.com
**કાર્યાલયનો ફોન નંબર : ૨૪૬૨૨૭૮**

ઊંચકી નથી શકાતું પાનું વિતક કથાનું,
પૃથ્વીના પોપડા પર પ્રત્યેક વજન છે. - ભરત ભટ્ટ ‘તરલ’

# જીવનની ઘટમાળ

## દેવું કરીને ઘી પીવામાં હું માનતો નથી

તંત્રાલયથી
ધીરજભાઈ સી. બ્રહ્મભટ્ટ
(માતર) વડોદરા

'કેમ આમ નિરાશ થઈને બેઠી છે.' મોઢું ચડાવીને બેઠેલી પત્નીને ધ્વનિલે પૂછ્યું. જવાબમાં તોબરો ચઢાવેલા ચહેરે જવાબ આપ્યો. 'તમારા કંજૂસ સ્વભાવથી હું તંગ આવી ગઈ છું.

'વળી પાછું શું થયું ? પડોશમાં કોઈને ત્યાં નવી ખરીદી થઈ છે કે શું ? ખૂબ જ હળવાશથી ધ્વનિલે મજાકના મૂડમાં પૂછ્યું.

'હવે મને તમારા સ્વભાવની ખબર પડી ગઈ છે તમે મને ખૂબ ચાહો છો એ માત્ર દેખાડો જ છે. તમને પરણીને આવી ત્યારથી આજ સુધીમાં મારી એક પણ ઈચ્છા પૂરી કરી નથી. કોર્ટમાં જેમ મુદત.... મુદત.... ને મુદત સાંભળવા મળે છે એમ તમારા ઘરમાં પણ એક જ શબ્દ સાંભળવા મળે છે હિસાબ....હિસાબ.... ને હિસાબ.'

આટલા સંવાદમાં તો ધ્વનિલ ઘણું બધું સમજી ગયો. જરૂર અડોશ પડોશમાં કોઈ નવી ચીજ આવી લાગે છે. પતિને ખબર છે કે જયારે પણ સોસાયટીમાં કોઈને પણ ત્યાં નવી ખરીદી થાય એટલે મિત્તલના આખા શરીરે કીડીઓ ચટકા ભરવા માંડે છે.

એમના ઘરે આ વસ્તુ આવે ને આપણા ઘેર કેમ નહિ ની જીદ શરૂ થઈજાય છે. જો કે ધ્વનિલ સાપ મરે નહિ ને લાઠી ભાંગે નહિ એ રીતે નિરાકરણ લાવવા ટેવાઈ ગયો છે. ધીમેથી પૂછ્યું : 'મેં શાનો હિસાબ કર્યો ? ઘર ખર્ચ માટે આપેલા પૈસાનો હિસાબ માગ્યો છે?' જવાબમાં મિત્તલે મનની વાત કરી નાખી. 'બસ ! આમ જ તમે ગાડીને અવળે પાટે ચડાવી દો છો. મેં ક્યાં ઘરના હિસાબની વાત જ કરી છે ? પણ ઘરમાં નવી ચીજ ખરીદવાની વાત આવે ત્યાં જ તમારો મોઢે રાખેલો હિસાબનો ચોપડો ખૂલે છે. ઓચીંતી નાણાની જરૂર પડે તો.... આ તમારો તેર કિલોનો 'તો' મારી અને વસ્તુની વચ્ચે આવીને ઊભો રહે છે. આપણી સામે જ મિષ્ટાબેનનું ઘર જુઓ. તમે તો હપ્તો શબ્દ સાંભળો ત્યાંજ તમને ટાઢીઓ તાવ ચડી જાય છે. એમના ઘરમાં બાઈક, એલ.ઈ.ડી, એક્ટીવા, મોટું ફ્રીજ બધું જ છે. તમે તો તમારૂં સ્કૂટર પણ નથી બદલાવતા. તમે દરવાજે આવો ત્યાં જ આખી સોસાયટીને ખબર પડી જાય કે તમે આવી ગયા. ધડ...ધડ... અવાજ આખી સોસાયટી ગજવે છે.'

'તારે જે મેણાં ટોણાં મારવાં હોય તે માર. પણ દેવું કરીને ઘી પીવામાં હું માનતો નથી. બેંકનું દેવું પણ દેવું જ છે. મારો સિદ્ધાંત છે કે દેવાના ડુંગર નીચે દબાઈ જવાના દિવસો આવે એના કરતાં પછેડી પ્રમાણે સોડ તાણવી સારી.'

મિત્તલે પોતાની થિયરી રજૂ કરી. ' એ તો ખાડો ખોદીએ તો પુરાય, પણ તમારામાં

વગર પાંજરાની સજા હોય છે,
ખરી દુર્દશાની મજા હોય છે. - ભાવેશ ભટ્ટ 'મન'

સાહસવૃત્તિ જ નથી. હું તો કહું છું કે મિષ્ટાના હસબન્ડમાંથી પ્રેરણા લો અને ચીલાચાલુ જીવન જીવવાના બદલે એકવીસમી સદી સાથે કદમ મિલાવો.'

'ભલે તારા સૂચન ઉપર વિચારીશ, પણ હવે ખાવા કાઢ ભૂખ લાગી છે.' તે દિવસે તો સંવાદ ત્યાં પૂરો થઇ ગયો.

દસેક દિવસ થયા હશે ને એક દિવસ સામે ઘેરથી પહેલાં ઊંચા અવાજે બોલવાનો અવાજ સંભળાયો ને પછી રાડારાડ સંભળાઇ. મીષ્ટાના ઘરમાં દંપતી વચ્ચે બરોબરનો ઝઘડો જામ્યો હતો. વાત એટલે સુધી વણસી ગઇ કે મીષ્ટાનો પતિ ગુસ્સામાં ઘરના બહાર નીકળી ગયો ને થોડા સમય પછી સમાચાર આવ્યા કે તેણે આત્મહત્યા કરી લીધી છે.

બીજે દિવસે ધ્વનિલ ઑફિસેથી ઘેર આવ્યો ત્યારે પત્નીમાં આમૂલ પરિવર્તન દેખાયું. આપણે જે રીતે જીવીએ છીએ એજ સાચી રીત છે. દેવામાં ડૂબવું તેના કરતાં પછેડી પ્રમાણે સોડ તાણવી. ધ્વનીલે નવાઇ પામીને પૂછ્યું : 'કેમ આજે સુલેમાન આટલા બધા સુધરી ગયા ?'

મિત્તલ પતિની નજીક સરકી. ધીમેથી સમાચાર આપ્યા. 'તમને ખબર છે પેલી મીષ્ટાના વરે ઝઘડો થયો એટલે આપઘાત નથી કર્યો પણ જુદી જુદી બેંકોની લોનના હપ્તા ચડી ગયા હતા અને બેંકવાળા વસ્તુઓ ઉઠાવી જવાના હતા. બીચારો લોકોને મોં બતાવવાની સ્થિતિમાં ના રહ્યો એટલે મોત વહાલું કર્યું.'

ધ્વનીલે પત્નીની બાજુમાં બેસતા કહ્યું : 'તું આટલું જ જાણે છે પણ આગળ સાંભળ ! એમનું ઘર પણ ગીરવે મુકેલું છે. એ તો મર્યો પણ કુટુંબને પણ મારતો ગયો છે.'

મિત્તલ ઘણું બધું કહેવા માગતી હતી પણ માત્ર 'સોરી' બોલી પતિના ખભા પર માથું ઢાળી દીધું.

★

---


બેવકુફ પત્ની પોતાના પતિને 'ગુલામ' બનાવે તો
જાતે જ 'ગુલામની પત્ની' કહેવાય.
જયારે, સમજદાર પત્ની પતિને 'બાદશાહ' બનાવે તો
તેને 'રાણી' કહેવાય.
નિર્ણય તમારા હાથમાં છે, પતિને 'ગુલામ' બનાવવો છે કે 'રાજા'

★

**શ્રી બ્ર.વિ.મંડળ વડોદરા દ્વારા ચાલુ વર્ષ ૨૦૧૫ને ''શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય શતાબ્દી વર્ષ'' તરીકે ઉજવવાનું નક્કી કરેલ હોઈ શતાબ્દી વર્ષના ''સ્મૃતિગ્રંથ'' માટે શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય સાથેના આપશ્રીના સંસ્મરણો, લેખ, કવિતા સહર્ષ આવકાર્ય હોય કાર્યાલયમાં મોકલી આપવા નિવેદન છે.**

બોલવાના પાળવાના કૈં નહીં,
કયાં હતા રઘુકૂળના માણસ અમે. - 'રાજ' લખતરવી

ગોરસ ...
(૧૫૧)



# વગર વિચાર્યું જે કરે....

ચંદ્રકાન્ત હ. રાવ
(અછાલિયા) વડોદરા

આમ તો આ વાર્તા જૂની છે, કાલ્પનિક છે, પણ એવી છે, છતાં એમાંથી આપણને સૌને શીખવા મળે એવું છે. વાત કાંઈક આવી છે :

એક નાના જંગલમાંથી એક બ્રાહ્મણ ટૂંકી ધોતી ને ઝબ્બા પર લાલ ટુવાલ નાખી પસાર થતો હતો. કપાલમાં મોટું તિલક અને મુખે રામ નામનું રટણ કરતા ભૂદેવ ઘેર પહોંચવાની ઉતાવળમાં જલદી ચાલતા હતા. જંગલના સુનકારમાં એકલા માણસને ડર લાગે જ. એવામાં એક બૂમ પડી : 'ઓ મહારાજ, દયા કરીને મારી વાત સાંભળો, મને બહાર કાઢો.' મહારાજે જમણી તરફ જોયું તો થોડે દૂર એક પિંજરામાં પુરાયેલો એક વાઘ બૂમ પાડતો હતો. (બાળકોની વાર્તામાં પશુ પંખી પણ બોલે.) મહારાજ ચમકીને ઊભા રહ્યા, ત્યારે વાઘ કાલાવાલા કરતો બોલ્યો : 'ઓ મહારાજ, કૃપા કરી મને આ પિંજરામાંથી બહાર કાઢો... હું ભૂખે ને તરસે ઘણા દિવસથી પીડાઉં છું. તમે બ્રાહ્મણ તો દયાળુ હો છો.' ... પણ ગભરાતા બ્રાહ્મણે કહ્યું : 'ના વાઘભાઈ, હું તમને બહાર કાઢું તો તમે મને જ મારીને ખાઈ જાવ. મારે તો ઘેર પત્નીને નાનાં છોકરાં છે. હું જાઉં છું.' પણ વાઘે કરગરતાં કહ્યું : 'ના, ના, મહારાજ હું એવો નાલાયક થોડો છું કે મને મદદ કરનારને જ મારી નાખું ? હું છૂટો થઈશ તો મને તો જંગલમાં ઘણો શિકાર મળશે. દયા કરો ભૂદેવ, ભગવાન તમારું ભલું કરશે.'

બ્રાહ્મણ પીગળ્યો, પિંજરા પાસે ગભરાતો ગભરાતો ગયો, સાંકળ ખોલતાં પહેલાં વળી ગભરાઈને કહ્યું 'જોજો હોં વાઘમામા, દગો ના કરતા, હું ગરીબ બ્રાહ્મણ માર્યો ના જાઉં.' પણ વાઘે ખાતરી આપી ત્યારે દયાળુ બ્રાહ્મણે પિંજરું ખોલ્યું. વાઘ કૂદીને બહાર આવી ગયો. પછી બોલ્યો : 'મહારાજ, બહું ભૂખ લાગી છે. હવે તમને જ પહેલાં ખાઈશ.'

બ્રાહ્મણના તો હોશ ઊડી ગયા. ધ્રૂજતાં ધ્રૂજતાં કાલાવાલા કર્યા. પણ વાઘ ન માન્યો. કહે કેં ગુણ પાછળ તો અવગુણ જ હોય.' છેવટે બ્રાહ્મણે કહ્યું કે 'આપણે બે ત્રણ જણને પૂછીએ. એ લોકો કહે તો મને ખાજો.'

વાઘે દયા કરી. 'હા, ચાલો પૂછીએ.'

બંને જણ આંબાના ઝાડ પાસે ગયા ને બધી વાત કહીને ન્યાય કરવા કહ્યું. ત્યારે આંબાનું ઝાડ કહે : 'હા મહારાજ, આ દુનિયામાં ગુણ પાછળ અવગુણ જ હોય છે.હું લોકોને દર વર્ષે મીઠી કેરી આપું છું, તોય જતા આવતા લોકો ઝૂડીઆં મારી કાચી કેરીઓ ને અસંખ્યા પાંદડાં તોડી પાડે છે. માટે ગુણ પાછળ અવગુણ કરવો

અંત ને આરંભ ભેગા છે પરિઘમાં,
તે છતાં જીવન મળ્યું અલગાવ જેવું. - રાજેન્દ્ર પાઠક

એ જગતની રીત છે. !' બ્રાહ્મણ તો ડઘાઇ ગયો ! થોડે દૂર એક સરોવર હતું. ત્યાં જઇ એને પૂછ્યું તો એણેય કહ્યું કે 'મારું ચોખ્ખું પાણી પીને તરસ છિપવતા લોકો હાથ પગ કે કપડાં ધોઇ મારું પાણી ગંદુ કરે છે. ગુણ પાછળ તો અવગુણ જ હોય મહારાજ ! ચરતી ગાયોના ધણ પાસે જઇ એક ગાયને પૂછ્યું તો એણેય કહ્યું કે 'મારું દૂધ નીચોવી લઇ માલીક મને સીમમાં રખડી પેટ ભરવા છોડી મૂકે છે. ગુણ પાછળ અવગુણ કરનારા લોકોની વાત જ ના પૂછો. 'બધા સ્વાર્થી છે.'

હવે વાઘ બ્રાહ્મણને મારી નાખવા ઉતાવળો થયો. એટલામાં દૂરથી એક શિયાળ પસાર થતું હતું. બ્રાહ્મણ કહે છેલ્લું આ શિયાળને પૂછી લઇએ. પણ શિયાળે વાત સાંભળી ને કહ્યું કે 'ભાઇ એમ ન્યાય ન થાય. વાઘમામા ક્યાં હતા, મહારાજ તમે ક્યાં હતા વગેરે મને બતાવો તો ન્યાય કરું' વાઘે કહ્યું : 'તું બહુ ચાંપલું. આ બધા ખોટા ?'

'તો વાઘમામા, હું આ ચાલ્યું મારા રસ્તે. મેં ક્યાં કશો ચૂકાદો આપ્યો છે ? કહી શિયાળ ચાલવા માંડ્યું ત્યારે છેવટે ઉતાવળ કરવા ભૂખ્યા વાઘે સંમતિ આપી અને શિયાળની સૂચનાથી એ પાંજરે પુરાયો.

'મરાહાજ સાંકળ હતી તેવી બંધ કરી દો ! મહારાજે તેમ કર્યું. સાંકળ વાસી 'નકુચો મારેલો હતો ?' 'હા' 'તો નકુચો મારી દો.' મહારાજે તેમ કર્યું વાઘે કહ્યું : 'ચાલ હવે જલદી ન્યાય કર.'

શિયાળે કહ્યું કે 'વાઘમામા, ન્યાય થઇ ગયો. બિચારા બ્રાહ્મણે દયા કરી તો તમે તેને જ ખાવા તૈયાર થઇ ગયા ?! ગુણ પાછળ અવગુણ ન હોય વાઘમામા.' પછી શિયાળે બ્રાહ્મણ મહારાજને કહ્યું : 'ભૂદેવ, જાવ, છાનામાના ઘેર જઇ બૈરી છોકરાંને મળો અને આવા લુચ્ચા સ્વાર્થીઓની જાળમાં ના ફસાતા. કોઇની ઉપર વિશ્વાસ મૂકતા પહેલાં વિચાર કરો.'

બ્રાહ્મણે શિયાળનો આભાર માન્યો ને આશીર્વાદ આપી ખુશ થઇ રસ્તે પડયો.

ત્યારે શિયાળે પિંજરે પુરાયેલા વાઘને કહ્યું : 'વાઘમામા.

'ગુણ પાછળ તો અવગુણ સહી,
તારી કાય તું ભોગવ અહીં.'

વાઘે ત્રાડ પાડી વન ગજાવ્યું, પણ વ્યર્થ. એ તો પિંજરામાં હતો, સાંકળ બંધ હતી ને એમાં સળિયો ખોસેલો હતો એટલે હતો તેમ જ વાઘ પાછો બંદીવાન રહયો - તરસ અને ભૂખે તરફડતો.

આ કાલ્પનિક વાર્તા આપણા વાસ્તવિક જીવનમાં સાવધાની, સભાનતાથી, વિચારપૂર્વક જીવવાનો બોધ આપે છે. કોઇનો ભરોંસો જ નહિ કરવો એમ નહિ, પણ જેનો તેનો વગર વિચારે ભરોંસો ન કરવો. એક નાનું સૂત્ર સમજી લઇએ :

**'વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય;**
**ઉતાવળે કરેલા કામથી હાનિ મોટી થાય.'**

★

બરફ સમી એકલતા કિંતું
કાં નિશ્વાસો ઊના ઊના ? - શ્યામ સાધુ

# ઓફિસે મોડા જતા કર્મચારીઓ માટે
(હાસ્યકથા)

પ્રા. બી.એચ. રાવ
(અછાલિય) વડોદરા-૧૮
મો. ૯૪૨૭૪૬૫૦૮૪

ઓફિસે મોડા જવા ટેવાએલ કર્મચારીઓ જો આ લેખ વાંચશે તો એને આમાંથી પ્રેરણા પ્રાપ્ત થશે.

ઓફિસે મોડા પહોંચો એટલે મોટા સાહેબ બોલાવે એટલે તમારે સમજવાનું કે સાહેબ ઠપકો આપવા બોલાવે છે. સાહેબ પાસે ઓફિસમાં પ્રવેશતાં જ હાથમાં રૂમાલ રાખવો અને ખાંસી ચડી હોય એમ બે ચાર વખત ગળામાંથી ન સમજાય એવો અવાજ કરવો અને મોઢું એકદમ પાકેલા કેળા જેવું કે પાકી ગએલ ઢીલીઢસ કોચલી કેરી જેવું (જે વધારે ફાવે તેવું) એકદમ ઢીલું કરી સાહેબ સામે ઊભા રહી ''ગુડ મોર્નિંગ સર'' ! કહી હાથ જોડવા. સાહેબ કહેશેઃ 'મી. ભટ્ટ તમો આ અઢવાડિયે ચોથીવાર મોડા પડયા. પ્રોબ્લેમ શું છે ?'

ત્યારે રુંધાએલ અવાજે કહેવું : 'સાહેબ, આજે સવારે ઊઠયો ત્યારથી બેચેની જેવું લાગતું હતું. જરા તાવ શરદી અને ગળામાં દુઃખાવો વગેરે સ્વાઇન ફ્લૂ જેવાં લક્ષણો દેખાયાં. હું તો સાહેબ, દોડયો ડૉ. પરીખ પાસે. એમણે તપાસી સામાન્ય શરદીનું નિદાન કર્યું અને ગભરાવાને કોઇ કારણ નથી કહ્યું ત્યારે મને શાંતિ થઇ. આમ આજે તો હું સાહેબ, આવવાનો જ નહોતો પણ મારે તો કામ પહેલું.' કહી ખાંસીનું એક ઠહકું મારી લેવું અને નાક આડો રૂમાલ ધરી નાકથી છીંકાટો મારવો અને નાકથી ના ફાવે તો મોંથી કું કું કરવું જેથી સાહેબ તરત જ ઊભા થઇ જશે પછી બેસી મોઢા આડો રૂમાલ ધરી કહેશે : 'અરે મી. ભટ્ટ ! તબિયતની કાળજી લો. નોકરો તો છે જ ને ! આજે નહીં તો કાલે કામ થશે, કામ કયાં નાસી જવાનું છે ? થોડું કામ પતાવી તમ તમારે ઘેર રવાના થઇ જજો અને ના હોય તો એક બે રજા લઇ લો.'

આમ સાહેબની સહાનુભૂતિ તો મળશે જ પણ સાથે ઘેર વહેલા જવાનો પરવાનો પણ મળી જશે. આ બધું કરવા માટે થોડી પ્રેક્ટીસ ની જરૂર રહે. થોડો વાચિક અભિનય કરવાની પણ ટેવ પાડવી અને આંગિક અભિનયની ય ઘેર પ્રેક્ટીસ કરવી. સૌ સારા વાનાં થશે.

ફરી કોઇવાર મોડું થાય અને સાહેબ ખુલાસો પૂછે તો 'હોઠ સાજા તો ઉત્તર ઝાઝા' એ કહેવત પ્રમાણે હોઠ ફફડાવતાં ગભરાહટ ભર્યા મોં એ કહેવું : 'સાહેબ, આજે સાડા નવે નીકળતો હતો ત્યાં જ ભાઇનો બાબો દાદરેથી પડી ગયો. તરત એને લઇને ડૉક્ટર પાસે દોડયો. માથે ચાર ટાંકા આવ્યા બોલો ! આવી દોડધામમાં કલાક જેટલું મોડું થઇ ગયું.' (જેને ભાઇ ન હોય એ પણ આવું ગપ્પું મારી શકે છે. સાહેબને શું ખબર કે આને ભાઇ છે કે નહીં ?')

વિશ્વ આખાની બાદબાકી થઇ
તે પછી વાત માત્ર તારી થઇ. - ભરત વિંઝુડા

સાહેબ કહેશે : 'મી. ભટ્ટ, છોકરાં સાચવવાનું ખૂબ અઘરું છે અને આજનાં છોકરાંય બહુ તોફાની ને ચંચળ બની ગયાં છે. કહેલું માને જ નહીં. ધનુરનું ઇંજેકશન અપાવ્યું કે નહીં ?' આમ સાહેબ મારે નહીં ભાઇ નહીં બાબો નહીં પડેલો - નહીં કશું વાગેલાનું જતન કરશે.

કયારેક મોડું થઇ જાય ત્યારે સાહેબના બોલાવ્યા વિના જ એમની ઓફિસમાં પહોંચી. નમસ્કાર વિધિ પતાવી બોલવાનું શરૂ કરવું : 'આજ સવારનો સાહેબ, હેરાન પરેશાન થઇ ગયો' કહી સાહેબનો ચહેરો વાંચવો. જો સાહેબના મોં પર આશ્ચર્ય અને ગભરાટ દેખાય એટલે મનમાં ગભરાટ રાખ્યા વિના દે માર શબ્દોનો મારો ચલાવતાં કહેવું : 'સાહેબ, પત્નીને ગભરામણ થતી હતી. ફ્રુટ સોલ્ટ પાયું, લીંબુનું શરબત પાયું, સુંઠમાં ગોળ-ઘી નાખી ગોળી આપી, સ્વામિનારાયણ ભગવાનું અભિષેક જળ પીવડાવ્યું પણ ગભરામણ ઓછી થવાનું નામ નહોતી લેતી. (કયાંથી લે ! ગભરામણ થઇ હોય તોને ?) એટલે સાહેબ હું તો પત્નીને લઇને દોડયો ડૉ. ઝવેરી પાસે ડૉક્ટ પણ ગભરાયો, પ્રેશર માપ્યું, ધબકારા, નાડી બધું નોર્મલ હતું. કાર્ડિયોગ્રામ પણ નોર્મલ. ડૉક્ટરે એક ઇંજેકશન આપ્યું ને ગભરામણ ગાયબ. (ગભરાણણ તો ગાયબ જ હતી ને ! આપળે ઊભી કરેલી.) સાહેબ, શરીર તો કાચનું વાસણ. કહેવાય આ ઉંમરે ઘરભંગ થાઉં તો. હું તો ઘરનોય ના રહું ને ઘાટનોય ના રહું. ઉપરથી કાચો કુંવારો વસ્તાર !' આમ બોલી સાહેબની સહાનુભૂતિ મેળવી લેવી. સાહેબ પણ ઠપકાનું વેણ કહેશે નહીં અને નેમમાં દયા લાવી કહે : 'સારું સારું મિ. ભટ્ટ ! ઘરવાળી પહેલી, અધવચ્ચે ઘરભંગ થાવ એનાં જેવું બીજું મોટું દુઃખ નહીં. મારી કાંઇ મદદની જરૂર હોય તો બેલાશક (સંકોચ રાખ્યા વિના) કહેજો.' ત્યારે 'થેંક્યુ સર, થેંક્યુ ' કહેતાં કહેતાં હાથમાં રાખેલ રૂમાલથી આંખ લુંછવાનો ચાળો કરી, ગળામાં ડૂમો ભરાયો હોય એવો ગળામાંથી અવાજ કરી ઓફિસની બહાર નીકળી જવું.

એકનું એક બહાનું ભૂલેચૂકેય ન કાઢવું. કયારેક મોડું થાય ત્યારે લારીએથી 'લાલજી ભજિયાં હાઉસ' માંથી અઢીસો ગ્રામ લીલવાની કચોરી બંધાવી લેવી અને સીધા સાહેબ પાસે પહોંચી કહેવું : 'સાહેબ, આજે તો (પણ એ પહેલાં ગુડમોર્નિંગ સર કહેવાનું ના ભૂલવું) સાડા નવે નીકળતો હતો ત્યાં જ પત્ની કહે : 'લીલવાની કચોરી થઇ ગઇ છે તો બે ગરમા ગરમ ખાતા જાવ અનેથોડી ગરમ ગરમ મોટા સાહેબ માટે ય લેતા જાવ. મોડું થાય તો સાહેબને મારું નામ દઇ દેજો. સાહેબ કયારેય આપળા ઘેર આવતા નથી તો આ રીતે મારા હાથનો નાસ્તો કરાવજો.' કહી કચોરીનું પડીકું ટેબલ પર મૂકી કહેવું : 'સાહેબ, તમારાં બેને ખૂબ હોંશથી

આ ભવે પેલા જનમની વારતા
કેટલું કેવું સરસ મેં ના કર્યું. - ધ્રુવ ભટ્ટ

બનાવી છે અને પ્રેમથી મોકલી છે તો રીસેસમાં ચા સાથે ચાખજો.' આમ કહી સાહેબને સાળો બનાવી હાથ જોડી આપળા ટેબલે જઇ બેસી જવું. સાહેબ કચેરીમાં (ઓફિસમાં) તમોને કયારેય ઠપકો આપશે નહીં. આ છે કચોરીની કમાલ !

બહાનાં એવાં હોવાં જોઇએ કે જે તરત જ સાહેબના મગજમાં ઊતરી જવાં જોઇએ. છીછરાં કે ક્ષુલ્લક બહાનાંથી સાહેબ ના સંતોષાય. ચીલાચાલુ બહાાં ના ચાલે. એક ઓફિસમાં એક કર્મચારી મોડો પડયો. સાહેબે કારણ પૂછવા બોલાવ્યો ત્યારે જવાબ મોળો આપતાં પોતાનો હાથ જોઇ રડવા લાગ્યો. સાહેબ કારણ પૂછયું તો પેલો કહે : 'હું હાથ પર 'Katrina' (કેટરીના) લખવા જતો હતો તેમાં 'A'(એ)ને બદલે 'U' (યુ) લખાઇ ગયું. (કેટરીના ને બદલે કૂતરીના લખાઇ ગયું ) (Kutrina) અને એમાંજ મારે મોડું થઇ ગયું.'

આવું નાખી દેવા જેવું બહાનું કાઢનારને સાહેબ કહેશે : 'ઘેર બેસી આવા ચાળા કર્યા કરો. ઓફિસમાં નિયમિત અને વ્યવસ્થિત રહેવું પહશે. નિયમિત આવવું પડઈ.' બેહૂદું (બેવકૂફી ભરેલું) બહાનું ના ચાલે.

એક ઓફિસમાં સાહેબની સેક્રેટી રોજ મોડી આવે અને ટૂંકા કપડાં પહેરે. સાહેબ ભરાઇ રહેલા. એક દિવસ એમણે કહયું : 'બહેન, તમે રોજ મોડાં આવો છો અને ઓછાં અને ટૂંકાં કપડાં પહેરો છો તો મારે શિસ્તભંગ અને રુચિભંગનાં પગલાં લેવાં પડઈ.' ત્યારે બહેન કહે : 'સર આટલી સેલેરીમાં આવાં જ કપડાં આવી શકે. અને મોડું થઇ શકે.'

ત્યારે સાહેબ ખૂબ ગુસ્સે થઇ મેનેજરને કહે : મેનેજર ! આ બહેનને ત્રણ મહિના સુધી પગાર ન આપતાં. જોઇએ એ શું કરે છે ?'

જો ઓફિસમાં સાહેબ નવો હોય, બીજા રાજયનો હોય અને ગુજરાતી ન સમજતો હોય અને તમારે મોડું થયું હોય તો એ સાહેબને મોડા પડવાનું કારણ જણાવતાં કહી દેવાનું કે 'સાહેબ ઓફિસે આવતો હતો ત્યાં જ મારો સાખ પાડોશી વિધુર થઇ ગયો એમાં દોડાદોડી થઇને મારે મોડું થયું એટલું સારું કે સમયસરની સારવારથી ભાયડાભાઇ બચી ગયા' સાહેબ આગળ પાછળનું એકેય વાક્ય સમજશે નહીં અને 'ઓલ રાઇટ ! ઓલ રાઇટ.' બોલી આપણને સાઇટ પર (એટલે કે ટેબલ પર ) જવા કહેશે.

આવાં તો અનેક બહાનાં કાઢી ઓફિસમાં સાહેબને મૂર્ખ બનાવી શકાય પણ હોશિયારીપૂર્વક બહાના બાજી ચલાવવી નહીં તો કયારેક ફસાઇ જવાનો વારો આવશે. માટે બહાનાં કાઢતાં સાવધાની રાખવી. 'બહાના બહાદુર' નો ખિતાબ મેળવનારે ખૂબ ચતુરાઇ સાથે સહ કર્મચારીઓ જોડે સારાસારી રાખવી નહીં તો એ કોઇક દિવસે ભાંડો ફોડી દેશે અને આપળે ઓફિસમાં નીચા જોવું થશે. જય તો બહાનાવીર ભડવીરનો જ છે.

★

જીવનની લાજ ઢાંકવી છે કોઇપણ રીતે
પહેર લઉં જો મોતની પહેલાં કફન મળે. - 'બેફામ'

# વિચારોનો ઉન્માદ...

સૌભાગ જેઠાભાઈ બ્રહ્મભટ્ટ
(નાર) અમદાવાદ

શાળા મહાશાળાના વાર્ષિક સત્રનો અંત નજીક આવતો જાય છે ત્યારે કિશોરાવસ્થા અને તરુણાવસ્થા પસાર કરી રહેલ યુવાન વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓની મનોદશા છતી થતી જાય છે. ઉન્માદની મનોસ્થિતિની શરૂઆત મોટેભાગે ૧૫ થી ૨૨ ની ઉંમર દરમ્યાન થાય છે. મનુષ્યોના જીવનમાં આ ગાળો વ્યક્તિત્વના વિકાસ અને ભાવિ કારકિર્દી ઘડવા માટેનો અતિ મહત્વનો ગાળો હોયછે. આ સમય દરમ્યાન મન ભાવિ સ્વપ્નાઓમાં ખોવાઈ જાય છે. ક્યારેક આકાશી ઉંચાઈઓ આંબવાના મનસૂબા ઘડે છે. આ ઉંમરે પ્રત્યેક વ્યક્તિ શક્તિશાળી, બુદ્ધિશાળી અને સમૃદ્ધ બનવાનાં સ્વપ્નો સેવે છે. આ સમય ગાળા દરમ્યાન આખા વિશ્વને મુઠ્ઠીમાં બંધ કરવાના વિચારો આવે છે. આ સમય ગાળા દરમ્યાન મહત્વાકાંક્ષાઓ તથા વાસ્તવિકતાઓ વચ્ચેનો તાલમેલ ન જળવાતાં લઘુતા અને હતાશા જન્મે છે. વ્યક્તિમાં જન્મેલી, હતાશાઓની આ લાગણીઓને પહોંચી વળવા વ્યક્તિ વાત્સવિકતાનો વિચાર નથી કરતી અને ધીરે ધીરે અવાસ્તવિક ઉન્માદમાં રાચે છે. આમ ઉન્માદ અને હતાશાના વમળમાં તે ફસાય છે.

તે જયારે લઘુતા અને આત્મવિશ્વાસના અભાવથી પીડાય છે ત્યારે વડીલ શિક્ષકની સલાહથી 'નિશાન ચૂક માફ નહી માફ નીચુ નિશાન' કહેવતને મનમાં બરાબર ઘૂંટે છે અને પછી બની જાય છે તરંગી. આવા તરંગી અને વિચારો અને દિવાસ્વપ્નો ને કારણે એકાગ્રતાને મોટુ નુકશાન પહોંચે છે. સ્વભાવ લાગણીશીલ બની જવાથી જો કોઈ ખોટુ કહે તો ખૂબ જ લાગી આવે છે અને ડીપ્રેશનનો ભોગ બની જાય છે. ડીપ્રેશનને દુર કરવા ફરીથી દિવા સ્વપ્નો જોવા લાગે છે અને પછી મંદ ઉન્માદની સ્થિતિમાં આવી જાય છે. આમ શરૂ થાય છે એક ચક્કર આત્મવિશ્વાસનો અભાવ - લઘુતાની ભાવના, ડીપ્રેશન ફરી દિવા સ્વપ્ન - ગુરૂતાની ભાવના સતત ક્રિયાશીલ રહેવું અને મંદ ઉન્માદ.

કિશોરાવસ્થામાં મહત્વાકાંક્ષા અને આત્મવિશ્વાસ હોવો એ માનસિક વિકાસ માટે જરૂરી છે. તમારા જીવનમાં તમે ઉંચુ નિશાન તાકીને તેને આંબવા માટે તનતોડ મહેનત કરતા હો ત્યારે તમને કયારેક તમારુ ધ્યેય હાંસલ થયાના અને તમારી વાહવાહ થતી હોય એવા વિચારો આવે કે દિવાસ્વપ્નો જોવા લાગો તો કાંઈ ખોટુ નથી પરંતુ આ દિવાસ્વપ્નો વધવા લાગે અને તે તમારી સિદ્ધિની આડે આવે, તમારી એકાગ્રતા તોડી નાખે અને તમને અવાસ્તવિકતામાં લઈ જાય તો તે નુકશાનકારક જરૂર છે.

કિશોરાવસ્થામાં પોતાની માની લીધેલી ક્ષતિઓને કારણે લઘુતા અનુભવતા અને આ લઘુભાવમાંથી બહાર નીકળવા માટે મનમાં ને મનમાં વિવિધ યોજનાઓ બનાવતાં યુવાનો-યુવતિઓ ડીપ્રેશનમાંથી કયારેક ઉન્માદમાં સરકી શકે તે અંગેનો કોઈ ચોક્કસ સમયગાળો હોતો નથી માટે મોટેભાગે આવી વ્યક્તિઓને શૈક્ષણિક કારકિર્દીના મહામૂલા વર્ષોમાં આ પ્રકારની ભાવના થાય છે એટલે તેમનું મન અભ્યાસમાં ચોંટતુ નથી અને આમ મહિનાઓ અને વર્ષો નીકળી જાય છે.

આપણા બધાની એ ફર છે કે આવા વિષચક્રમાં ફસાયેલાઓની વહારે જઈએ અને સામાજીક ફરજના એક ભાગરૂપે તેમને સ્વસ્થ મનના અને તંદુરસ્ત શરીરના બનાવીએ.

★

કરી બેહાલ જેણે જિંદગીને,
પૂછે છે તે જ મારા હાલ આજે. - રિષભ મહેતા

# વિયોગ

**વિજયસિંહ પ્રભાતસિંહ બારોટ**
ડેપો. સુપ્રી. ઓફ પોલીસ (નિવૃત્ત)
વડોદરા, મૂળ ગામ સાઠોદ

'વિયોગ' એટલે દ્દષ્ટિથી દૂર થવું. 'વિ' એટલે વિપરીત કે વિરોધ અને વિશેષ કે.....જીવો ઈશ્વરથી છુટા પડેલા અંશ છે. ગીતામાં અ૭/૧૦ માં કહયું છે 'પ્રાર્થ ! જાણ મને બીજ શાશ્વત સર્વભૂત નું.' કવિ નરસિંહ મહેતા કહે છે. 'શિવ થકી જીવ થયો એજ આશે' બીજ વૃક્ષને પૂછે કે તારામાં અને મારામાં શું અંતર છે ? તો વૃક્ષ કહે છે કે હું વિકસિત બીજ છું અને તુ અવિકસીત વૃક્ષ છે. શિવ અને જીવમાં આજ અંતર છે. સૂર્યવંશી અને કિરણ અંઈ છે. જયારે સૂર્ય બર્હિમુખ બને છે ત્યારે કિરણ બને છે અને જયારે કિરણ અંર્તમુખ બને છે ત્યારે સૂર્ય ગણાય છે. આવુજ અંશી પરમાત્મા અને અંશજીવનું છે. એટલા પરમાત્માથી છુટા પડેલો આત્મા, જીવાત્મા જીવરૂપે 'વિયોગી' છે. પરંતુ તે અજ્ઞાન કે અંધકારમાં ઊંઘે છે, તેને 'વિયોગ' નું ભાન નથી. જાગૃતિ છે તે જ્ઞાન છે. જે જાગૃત થયો થે તેને 'વિયોગ' નું ભાન કે જ્ઞાન છે. જે જેમ જાગૃતિ-જ્ઞાન વધે તેમ તેમ 'વિયોગ' વધે છે. આ જગત સંયોગ-વિયોગનું સંમિશ્રણ છે. 'સંયોગ' છે તેનો 'વિયોગ' છે જ . દ્દષ્ટિથી દૂર થવુ એ વિરોધ અને પ્રિયજનનું સતત સ્મરણ તે 'વિશેષ યોગ' છે. પોતે પરમાત્માનો અંઈ છે તેનું તેને વિસ્મરણ થયેલું છે. એટલે 'સત' નું વિસ્મરણ છે. જગત, પ્રકૃતિ કે માયા કે સંસાર 'અસત' છે. તેનું જ સ્મરણ છે. વિષય-વિલાસ અજ્ઞાન ના ત્યારથી 'સ્મરણ' થાય છે, તેજ સ્મૃતિ લાવે છે. સ્મૃતિ કે જ્ઞાનનો અભાવ એટલે વિસ્મરણ કે અજ્ઞાન. સ્મૃતિ જેનું સ્મરણ કહરે છે તેના સવરૂપમાં જીવાત્મા પરવિર્તીત થઇ જાય છે. જેમ ઇયળમાંથી મધુમખી બને છે. 'વિયોગ' જ સત્ય ગતિ,પ્રેમ, પ્રત્રુ કે શરણાગતિ તરફ આકર્ષિત થઇ ગતિ કરે છે, અને પ્રેમપાત્ર બની છેવટે પ્રિયતમને પ્રાપ્ત કરે છે. અંતિમ લક્ષ્ય સિદ્ધ પ્રેમી કરે છે.

'વિયોગ' નું મોટુ મહત્વ છે, છતાં જનસમૂહને બધાને તે ગમતો નતી. 'વિયોગ' જેટલુ દુઃખ આપે છે તેટલુ સુખ અને કલ્યાણ કરે છે, તેટલુ સંયોગથી થતુ નથી. સંસાર સમગ્રમાં 'વિયોગ' પ્રસરેલો છે, આ 'વિયોગ' માંથી 'યોગ' ની યાત્રાનો આરંભ થાય છે. છતાં સંસારમાં બધાને 'વિયોગ'ગમતો નથી. 'સ્મૃતિ' જ આપણું સુખ દુઃખ છે, સ્મૃતિમાં નથી તે પાસે નથી, અંતર કે દ્દશ્ય -અદ્દશ્ય ની મહત્તા નથી. 'સંયોગ' કરતાં 'વિયોગ' વિશેષ યોગ છે. 'વિયોગ' માં દરનું નજીક અને અદ્વૈત-દ્વૈત બને છે. જેથી તે પથદર્શક છે, તેની અનિવાર્ય આવશ્યકતા છે. આજ 'વિયોગ' તેજ 'વિરહ' છે. આપણા સૌને 'વિરહ' નો અનુભવ થતો નથી. બધું જ વિસ્મરણ થયેલુ છે. ઇશ્વરને બધાંનું સ્મરણ છે, જીવને તેનું વિસ્મરણ છે. આ સ્મરણ માં જ દ્વૈત-અદ્વૈતનું રહસ્ય છુપાયેલુ છે.તેનો અનુભવ કયારે થાય ? યોગી સંત કૃપાલુ કહે છે 'જન્મોજન્મના પૂણ્યથી જયારે જ્ઞાન- વૈરાગ્ય મળે, 'વિયોગ' વ્યગ્ર બને ચિત્ત ત્યારે, ક્ષણ-ક્ષણ તું જ ને સ્મર' નામસ્મરણથી જ, રટણ થી સ્મૃતિ થાય છે. મોહ-અંધકાર જાય છે ત્યારે સ્મૃતિ(સત્યનું જ્ઞાન) લાધે છે. જેમ જેમ વિરહ વધે તેમ તે મવ્યથા વધે છે. પરમાત્માના 'વિયોગ'માં જે જીવને દુઃખ થતું નથી તે પરમાત્માને યાદ કરતો નથી. ભક્તિ કરતો નથી. સાચા ભકત ને હરિનું સ્મરણ થતાં જ આંખમાંથી પ્રેમાશ્રુની અખંડધારા વહે છે. વિરહની પીડા પ્રિયતમને પણ પીડા કરાવે છે. પીડાથી પીડા ઉત્પન્ન થાય છે, તેજ પ્રેમ છે. પ્રભુપ્રેમમાં દિવાની મીરાં, ચૈતન્ય મહાપુત્રુ, હનુમાનજી, શિવજી, શ્રીકૃષ્ણ, કુંતા માતા, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી કૃપાલુ જેવા અનેક

રાતભર જાગ્યા કર્યાની એ મઝા ઈર્શાદ છે,
સાવ ખૂણા ખાંચરાની દુશ્મની તાજી થઇ. - ચિનુ મોદી 'ઈર્શાદ'

સંતો-ભક્તો વિયોગમાં જ વિહવળતા, તાલાવેલી, વિવશતા, દિવાનગી, વ્યાકુળતા, પાલગપણ અવધૂત અવસ્થા પેદા થાય છે. તેનેજ 'પ્રેમાવસ્થા' કહે છે. જે ભક્ત પ્રિયતમ પ્રભુના વિયોગથી વ્યાકુળ બની નિરંતર રડયા કરે છે, જે સિદ્ધિઓ રૂપી રમકડાથી લેઈણ પ્રસન્ન થતો નથી તે જ ભક્તશ્રી પ્રભુને પ્રાપ્ત કરે છે. સાચા ભક્તો આ અવસ્થામાં રાચે છે. એટલે મીરાં કહે છે 'મૈં તો પ્રેમદિવાની મેરા દર્દ ના જાણે કોઈ'. આ દર્દ તેજ 'વિરહ-વેદના' નું છે. વિરહમાં પ્રેમમાં યાચના નથી, પ્રિયતમનો ચરણોમાં બધુ સ્નેહથી સમર્પી દેવાનુ છે. જેથી યોગી કૃપાલુ કહે છે, 'યાચે નાં કોઇ પ્રીતમ પાસે, સર્વસ્વ સ્નેહઓવારે, વહાલો જો વિષ ઘોળીને આપ, સ્વાદ અમૃત સમો લાગે' . પ્રેમીમાં 'હું' ની દુર્ગંધ નથી 'તું' ની સુગંધ છે. સંસાર માં સ્વાર્થ છે. પ્રભુમાં પારાવાર પ્રેમ છે, તેજ પરમાર્થ છે. પ્રેમજ સત્ય છે, સત્ય જ પરમેશ્વર છે.

ભક્તનો વિયોગ કરૂણાક્રંદન કરે છે અને પ્રેમનું સત્યદર્શન આંસુથી કરે છે. વિયોગથી ઉદ્ભવેલુ રુદન અંતઃકરણનું પવિત્ર ઝરણું છે. ભકિતમાં નિરંતર પ્રેમ જ વહે છે. ભક્ત પ્રેમીમાં વિરહનો અગ્નિ પ્રેમાગ્નિ ની જવાલા ભડકયા કરે છે. અગ્નિમાં 'સ્વ' ને ભૂલી 'તું' ને સ્વીકારે છે. એ સર્વસ્વ અર્પી તેને ભેટે છે. આમ પ્રેમમાં બલિદાન, શરણાગતિ કે સમર્પણ સંપૂર્ણ થયા વગર મિલન, મુક્તિ કે યોગ પ્રાપ્ત થતો નથી. વિયોગ જ પુર્ણ યોગ કરાવે છે.

સંસારના જીવો માયા માટે રડે છે, સંતો નિરંતર પ્રભુપ્રેમમાં રહે છે. વિયોગ તેજ વિરહ છે. માણસોએ 'વિરહ' ને બૂરો કહેલ છે. પણ કબીરનું વિરહને ભાવનાનો સુલતાન ઠરાવેલ છે. જેને પરમાત્માનો વિરહ સાલતો નથી તેનું શરીર સ્મશાન જેવું છે. બાળકનું રૂદન જેમ માતાને દોડાવે છે, તેમ ભક્ત નું રૂદન પ્રભુને ખુલ્લાપગે, ઉઘાડા દિલે દોડાવે છે. ભક્ત નું રૂદન લૌકિક નથી તેનો અલૌકિક છે, દિવ્ય ભાવ છે, હૃદયનો નાદ છે. શુદ્ધ અંતઃકરણ નો પ્રેમભાવ ઈશ્વરને પ્રત્યક્ષ પ્રગટ કરે છે. અચિંત્ય પ્રભુને ભક્ત ચિંત્ય બનાવી શકે છે. નિગુર્ણને સાકર સ્વરૂપ કરે છે. આવો 'વિયોગ' યોગીસંત કૃપાલુનો હતો. જેમણે દર્શન-સ્પર્શન ભાષતા શયન, આસન તથા ભોજન અને સર્વવ્યાપારોથી તન-મન-પ્રાણથી શ્રીકૃષ્ણ સાથે જ હૃદય ને જોડી દીધુ હતું જેના 'અંતરમાં છે અખંડ સ્મરણ, કંદન માંહી પ્રેમપૂંજન' જેનું જીવન પુષ્પ જેવુ બનાવી સર્વસ્વ સમર્પણ શ્રીહરિના ચરણમાં ધરી દીધું છે. તેથી તે પ્રભુથી વિરહ-વેદના કેવી રીતે સહન કરી શકે? સર્વ વેદનામ 'વિરહ' વેદનાજ શ્રેષ્ટ છે. શ્રી કૃષ્ના વિયોગ ગોપીઓથી સહન થતો નથી. શ્રી કૃષ્ણનો વિયોગ કોણ સહન કરી શકે ? એટલે ગોપી કહે છે 'કૃપાલુ પ્રેમની પીડાઓ સહતાં, ભડભકતી આગમાં બળીએ.. ઓ કાનજી ધીરજ તે કેમ ધરીએ ? તુલસીદાસ કહે છે 'પ્રેમ બિનુ ધીરજ (જ્ઞાન) નહિ, વિરહ બિનુ વૈરખ' અને વર્તમાનમાં કવિ ખલીલ ધનતેજસ્વી કહે છે 'જેવા તેવા દુઃખોને ગણકારતો નથી કિન્તુ આ વિરહ નું દુઃખ છે, શી રીતે સહન થાશે ? ભાવમય જગત છે, ભાવમય ઈશ્વર છે. પ્રેમભાવ જ અપ્રગટ ઈશ્વર પ્રગટ, સાકાર થાય છે. સત્ય, પ્રેમ અને જ્ઞાન શબ્દો જુદા જુદા છે, પરંતુ તાત્ત્વિ રીતે તેન ભાવાર્થ એક જ છે. આ વિયોગ કે વિરહ પ્રેમન પંથ છે. સાચો હરિનો મારગ છે, આ વિયોગ કે વિરહ જ પરમાત્મા સુધી લઈ જાય છે. 'વિયોગ' જ યોગ પ્રાપ્ત કરાવે છે. પ્રેમમાં જ પૂર્ણતા છે.

'ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવા વશિષ્યતે ॥
(ઈશોપનિષદ)

ગંગાજળ તુલસીદળ ને સામગ્રી લાવો
કહે છે સંબંધની આ અંતિમ ઘડી છે. - કાજલ ઓઝા

# નમ્રતા સૌને ગમે

ભૂપેન્દ્ર હ. રાવ
અમદાવાદ (અછાલિયા)

મારા લેખમાં હું સમાજનો - સમાજ શબ્દનો ઉલ્લેખ કરું ત્યારે વિશ્વ સમાજ એવું અર્થઘટન કરવું. સમાજમાં અભિમાન અને વેર-ઝેર, ઈર્ષા કેન્સરની માફક ફેલાયેલાં દ્દષ્ટી ગોચર થાય છે. ઉક્ત અનિષ્ઠ પોતાની જાતને જ નુકશાનકારક થઈ પડે છે. Pride does before a fall. પડતી પહેલાં અભિમાન આવે છે. ભગવાનનો ખોરાક અભિમાન છે. રાજા રાવણ બહુશ્રુત હતા. વિદ્વાન હતા પણ અભિમાનને લઈને તેમનું પતન થયું. સગાં-સંબંધી તો આવા અનિષ્ટને સહન કરે છે પરંતુ ઈશ્વરના ઘેર દેર છે અંધેર નહિ. ભગવાનને જયારે જાણ થાય કે મારા ભક્તમાં અહંકાર ઉત્પન્ન થયો છે ત્યારે અભિમાનનું નિરાકરણ કરવાની લીલા તૈયાર કરતા હોય છે. વ્યક્તિ જયારે એમ કહે કે I am Something, હું કાંઈક છું તો એ સહ્ય છે પરંતુ જયારે કોઈમહાન વ્યક્તિ એમ કહે કે I am all in all, હું સર્વસ્વ છું તેનો સ્વીકાર થઈ શકે નહિ. મારાથી મોટું કોણ છે એવું અભિમાન અર્જુનને થયું. મારા સારથિ શ્રીકૃષ્ણ છે. અર્જુનનું અભિમાન ભગવન શ્રીકૃષ્ણથી અજાણ્યું રહયું ન હતું. ભગવાનને થયું હું તો કરુણા ભાવથી રથને હંકારું છું અને અર્જુન તેનો આવું ખોટું અર્થઘટન કરે છે ? અર્જુન હવે પોતાની જાતને સર્વોપરી માનવા લાગ્યો છે. એક સમયે શ્રીકૃષ્ણ અને અર્જુન ફરતાં ફરતાં ગાઢ જંગલમાં આવી ગયા. શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહયું હું થાકી ગયો છું અને આરામ કરવા માંગું છું. અર્જુન આમ તો આક્ષાંકીત હતા. શ્રી કૃષ્ણની આજ્ઞા લઈને જંગલમાં ફરવા લાગ્યા. શકસપિયરની માફક અર્જુન માનતા હશે કે Let nature be your preacher. પ્રકૃતિને તમારો ઉપદેશક બનાવો. ગાઢ જંગલમાં અર્જુને એક સંત-મહાત્માને જોયા. આ મહાત્મા સાચા અર્થમાં મહા આત્મા હતા. તેઓ વૃક્ષનાં ખરી પડેલાં પાંદડા આરોગી રહયા હતા. આ દ્દશ્ય જોઈને અર્જુનને આશ્ચર્ય થયું. મહાત્માને પૂછયું આપ લીલાં પાંદડાં આરોગવાને બદલે સૂકાં પાંદડા કેમ આરોગો છો ? મહાત્માએ જવાબ આપ્યો વત્સ વૃક્ષમાં જીવ છે. આ લીલાં પાંદડામાં પણ જીવ છે. પાંદડાને લઈને વૃક્ષની શોભા છે. પાંદડામાં પક્ષીઓ માળા બાંધે છે. કિલ્લોલ કરે છે. હું પ્રકૃતિને તોડવા માંગતો નથી. આ સંવાદ દરમિયાન અર્જુનનું ધ્યાન મહાત્મા પાસે પડેલી તલવારો ઉપર ગયું. અર્જુનની દ્દષ્ટિ ગરુડ કરતાં વેધક હતી. પક્ષીની આંખ વિંધનાર અર્જુન બાહોશ બાણાવળી હતા. મહાત્માએ કહયું આ તલવારો શોભા માટે નથી. મહાત્માએ કહયું આ તલવારો થી મારે ત્રણ જણનો વધ કરવો છે. સૌ પ્રથમ હું દ્રૌપદીનો વધ કરીશ કારણ કે તેનાં ચીર પૂરવા તેણે શ્રીકૃષ્ણને દ્વારકાથી ઉઘાડા પગે બોલવ્યા હતા. બીજો વધ પ્રહલ્લાદનો કરીશ કે જેણે તપતા લોખંડના સ્તંભમાં શ્રીકૃષ્ણને મજબૂર કર્યા.

તમારા વાયાદાઓ છે કે રેતી પર મિનારાઓ
તમારું આવવું જાણે કે પશ્ચિમથી ઉષા આવે. - 'કામિલ' વટવા

આ ત્રીજી તલવારથી અર્જુનનો વધ કરીશ કે જેણે મારા કામણગારા શ્રીકૃષ્ણને સારથિ બનાવ્યા છે. લાચાર અને વિવશ બની મહાત્માને પ્રણામ કરી અર્જુને મહાત્માની વિદાય લીધી. સામેથી શ્રીકૃષ્ણ મળ્યા અને અર્જુનને પૂછ્યું કેમ કુશળ-મંગળ છો ને ? અર્જુનની પાસે જવાબ હતો નહિ. અર્જુનને પોતાની ભૂલ સમજાઇ ગઇ. અર્જુનને થયું ભગવાન કહે છે કે જેની કલ્પના ભક્તએ કરી ન હોય. ભક્ત માં અહંકાર ઉત્પન્ન થાય કે તરત જ ભગવાન તેના અભિમાનનું ખંડન કરે છે. આપણે નમ્રતાને જીવનનું આભૂષણ બનાવીશું તો ભૂલ કરનારને પસ્તાવો થશે. જન્મ થતાંની સાથે જ બાળકને જીભ હોય છે. અને દાંત પછી આવે છે. દાંત કઠણ હોય છે એટલે પહેલા -વહેલા પડી જાય છે. જીભ આજીવન સાથે રહે છે કારણ કે જીભ નરમ છે. જીભ ગરમ થાય તો બત્રીસી જવાની શકયતા ખરી. બોધ આ વાર્તાનો એ છે કે :-

નમતાથી સૌ કો રીઝે, નમતાને બહુમાન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંચા સ્થાન.

★

## ભેજું દોડાવો....

દેવેન્દ્ર બારોટ
મો. ૯૮૨૫૬ ૨૫૨૯૪

જો આપ બુધ્ધિશાળી હોવ તો આ ખૂન કેસ હલ કરો અને જો જવાબ ન આવડે તો ઉલટાવીને વાંચો.

એક માણસનું ૩ જી એપ્રિલ ૨૦૧૫ ના રોજ બપોરે ત્રણ વાગ્યે ખૂન થયું. પોલીસ ઇન્સ્પેક્ટરે હાજર તમામ વ્યક્તિના જવાબો લીધા, જે નીચે પ્રમાણે છે.

પત્ની : હું તે સમયે સુઇ ગઇ હતી.
રસોઇઓ : હું રસોઇ બનાવતો હતો.
માળી : હું બગીચામાં ફૂલ-ઝાડને પાણી પાતો હતો.
નોકર : હું બેન્કમાં ગયો હતો.
બાળકો : અમે રમવા ગયા હતા.
પડોશી : અમે બહાર ગામ ગયા હતા.

ઉપરના જવાબો સાંભળી પોલીસ ઇન્સ્પેકટર તાત્કાલિક ખૂની શોધી કાઢ્યો. હવે તમે નક્કી કરો ખૂની કોણ હશે ? ઉપરના જવાબોમાંથી જ આપને ઉકેલ મળશે.

ખૂની નોકર છે કારણ કે ૩ જી એપ્રિલ-૨૦૧૫ બેન્કમાં ગુડ-ફ્રાઇડેની રજા હતી.
જવાબ :

ખોતરે છે જન્મ ને જન્માંતરોની વેદના,
આ અષાઢી રાતનો વરસાદ પણ શું ચીજ છે ? - મનોજ ખંડેરિયા

# હાસ્ય કણિકા

સરદારજીએ એક નંબર ડાયલ કર્યો.
સામેથી કોઇ છોકરીએ ફોન ઉપાડયો.
સરદારજી : હેલો ! કોન ?
છોકરી : મૈં સીતા !
સરદારજી : ઓય ! યાર એ તો અયોધ્યા કા લગ ગયા. સોરી ! માતે !

★

રેલ્વે ટીસી : મહારાજ ! કયાં જશો ?
મહારાજ : જયાં રામનો જન્મ થયો હતો ત્યાં.
ટીસી : ટિકીટ બતાવો.
મહારાજ : બચ્ચા, ટિકીટ નથી.
ટીસી : તો ચાલો....
મહારાજ : કયાં ?
ટીસી : જયાં કૃષ્ણનો જન્મ થયો હતો ત્યાં...!!!

★

કોઇ તમારા ઘરે પાનની પિચકારી મારે તો લૂછી નાખો.
**મહાત્મા ગાંધીજી**

પરંતુ ધ્યાન રાખો કે, તેને લૂછતા સમયે તેના જ ટીશર્ટનો ઉપયોગ થવો જોઇએ.
**યોગી આદીત્યનાથ**

અને પછી એ ટીશર્ટ એને જ પહેરાવી દો.
**ઉદ્ધવ ઠાકરે**

અને એ ટીશર્ટની સાથે એ વ્યક્તિને પણ ધોઇ નાખો.
**રાજ ઠાકરે**

ધોયા બાદ ટીશર્ટને હરાજીમાં વેચી નાખો.
**નરેન્દ્ર મોદી**

અને જે પૈસા આવે એ મને ફાળામાં આપી દો.
**અરવિંદ કેજરીવાલ**

ખૂબ જ ઊંચો તગડો પહેલવાન બસમાં ચડયો.
કંડકટર : ભાઇ ! ટીકીટ ?
પહેલવાન : હું ટિકીટ નથી લેતો.
કંડકટર ડરી ગયો. ટીકીટના આપી પણ તેને ખાટી ગઇ. હું એને બતાવી દઇશ. કન્ડકટર રોજ પૂછે કે, ભાઇ ટીકીટ ? પહેલવાન રોજ કહે 'હું ટિકીટ નથી લેતો.' કન્ડકટર એક મહીના સુધી જીમમાં ગયો ને તગડો પહેલવાન બની ગયો. પહેલવાન ફરી બસમાં ચડયો.
કન્ડકટર : ભાઇ ટીકીટ ?
પહેલવાન : 'હું નથી લેતો '
કન્ડકટર : (ગુસ્સાથી) કેમ નથી લેતો ?
પહેલવાન : મારી પાસે પાસ છે ને એટલે...!!!

★

રાત્રે બે વાગે પત્નીના મોબાઇલની રીંગ વાગી. પતિ ચમકીને જાગી ગયો ને પત્નીનો મોબાઇલ જોયો તો એક મેસેજ હતો. 'બ્યુટીફુલ' પતિએ તરત ગુસ્સાથી પત્નીને ઉઠાડી અને પૂછયું : 'તને બ્યુટીફુલ નો મેસેજ મોકલનાર છે કોણ ? પત્નીને પણ નવાઇ લાગી પચ્ચાસ વર્ષની મને બ્યુટીફુલ કોણે કહી ???' તેણે મોબાઇલ હાથમાં લીધો તો છણકો કરીને બોલી : 'જરા, ચશ્માં પહેરીને મોબાઇલ ઉપાડો. 'બ્યુટીફુલ' નહીં પણ 'બેટરીફુલ' લખ્યું છે....!!!!


★

એક માણસ શરાબની જુની (ખાલી) બોટલો ફેંકી રહયો હતો અને ક્રોધથી બબડતો હતો 'તેં જ મારી આ દશા કરી છે' એવામાં એક ભરેલી બોટલ આવી ગઇ. તેણે તે બોટલ એકબાજુ મૂકી 'તારો કોઇ જ દોષ નથી....!!!'

માની રહયો છે જેને, જમાનો જીવન-મરણ
ઝઘડો એ 'હા' ને 'ના' નો હતો કોણ માનશે ? - રુસ્વા મઝલૂમી

દરેક કવિને માથે એક એન્ટેના હોય છે..
આ કવિઓના મન-મસ્તિષ્ક હૃદયમાં શું ઝીલાયું છે ?
આવો ! કવિઓની દુનિયામાં ડોકિયું કરીએ..

# ચાલો.....કવિતા પુરી



## 'દુઃખનું કારણ'

માનવી,
હરઘડી વિચારતો, ભટકતો ને વિહરતો, ને
હવે ! જાય ભવિષ્યના વિચારમાં. સમયના
અભાવે કામમાં મુશ્કેલી અનુભવતો,
ઘણું મેળવ્યું ને ગુમાવેલું ઘણું.
મન કોરી ખાય તેનું ઘણું.
માનવી,
રહેતો અતીતના વિચારે ગુમાવે વર્તમાનને,
રહેતો દુઃખી ઘણો વિચારોમાં,
'દુઃખનું કારણ' રહેતો ખોટા વિચારમાં.

(સાઠોદ) વડોદરા બારોટ નરેન્દ્રપ્રસાદ એચ.

જ્યાં શબ્દો ગોઠવ્યા વગર,
વાત કરી શકાય,
આંસુ છુપાવ્યા વગર,
રડી શકાય,
સંકોચ રાખ્યા શિવાય,
મદદ માગી શકાય....
એજ સાચો સંબંધ.

## આતમના અજવાળે

જીવડા ! આતમના અજવાળે રે
તારા જીવનપથને જો તું ભાળે રે
પગલું એકેય તારું પાપમાં ના પડે રે
પરમાતમ રહેશે સદા તારી હાળે રે...
જીવડા ! આતમના અજવાળે રે
મોંઘેરા અવતારને પુણ્યે જો પ્રજાળે રે
દુઃખડાં સઘળાં પ્રભુ આવતાં ખાળે રે
પરમાતમ પકડી હાથ તને ઉદ્ધારે રે...
જીવડા ! આતમના અજવાળે રે
નિર્મોહી થઈ વિશ્વને તું નિહાળે રે
કરી સેવા તું અંતર સૌનાં ઠારે રે
પરમાતમ ભવ પાર તને ઉતારે રે....
જીવડા ! આતમના અજવાળે રે
કામ, ક્રોધ, લોભ-મોહને તું ટાળે રે
યમરાજ વિતાડતાં સો વાર વિચારે રે
પરમાતમ મોક્ષ દ્વારે તને આવકારે રે...

(દહેગામ) નાર શશિકાન્ત હિરૂભાઈ બ્રહ્મભટ્ટ

આક્રમક કરવાવાળા શત્રુથી ન ડરો પણ જે
તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી ડરો.

ઓઢણી, પાલવ, ગરેડી, બેડલું ને દોરડું,
ઓકળી, થાપા ઈંઢોણી કંઈક શણગારો મળે. - પિનાકીન ઠાકોર

## 'ગરવી ગુજરાત'

દેવાંશ દેવલકુમાર બ્રહ્મભટ્ટ
ધોરણ-૮

શું કહું ગુજરાત વિશે ?
કહું કે નરસિંહ મહેતાનું ગુજરાત કે,
મેઘાણીની ગરવી ગુજરાત,
ગાંધીનું નિર્મળ ગુજરાત કે,
સરદારનું શુરવીર ગુજરાત ?

ગુજરાત એટલે ત્રિવેણીસંગમ,
સત્ય, અહિંસા અને પ્રેમનો,
ગુજરાત એટલે અભિન્ન અંગ
હિન્દુસ્તાનનો.

પશ્ચિમથી લઈને પૂર્વ સુધી,
દક્ષિણથી લઈને ઉત્તર સુધી,
દ્વારકાથી લઈને વડોદરા સુધી,
નવસારીથી લઈને કચ્છ સુધી,
ઉત્સવોની અહીં હરોળ બંધાય છે,
પર્વો - તહેવારોનો તો કુંભમેળો ઉજવાય છે.

કોણે કહ્યું ગુજરાત છે માત્ર ગુજરાતીઓનું ?
ગુજરાત તો એકમાત્ર આધાર છે આખી દુનિયાનો.

---

બે વસ્તુ જીવનમાં સફળતા નક્કી કરે છે.
જયારે કંઈ નથી તારે તમારું 'મેનેજમેન્ટ'
અને જયારે બધુ જ છે ત્યારે તમારું 'વર્તન'

★

હંમેશા બ્રાન્ડેડ ચીજોનો જ ઉપયોગ કરો.
હોઠ માટે સત્ય
અવાજ માટે પ્રાર્થના
આંખો માટે દયા
હાથ માટે દાન
હૃદય માટે પ્રેમ
અને ચહેરા માટે હાસ્ય

હળ બળદ થાકીને ઢગલો થઈ ગયા
રણ કદી ખેડી શકાતા હોય છે ? - પુરુરાજ જોષી

# જ્ઞાતિ ગૌરવ –અભિનંદન




ડૉ. રવિ કમલેશકુમાર બ્રહ્મભટ્ટ (MBBS)
(જંગરાલ) હાલ અમદાવાદ

શ્રી સોમનાથભાઇ જી.બ્રહ્મભટ્ટ (નિવૃત્ત ડી.વાય.એસ.પી. અને શ્રી બી.ડી.રાવ ચે. ટ્રસ્ટ તથા શ્રી દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળના માજી ટ્રસ્ટી) ના સુપુત્ર શ્રી કમલેશભાઇ બ્રહ્મભટ્ટ (માજી પ્રમુખ, મેમનગર નગર પાલિકા, સહકન્વીનર, સાંસ્કૃતિક સેલ, અમદાવાદ શહેર ભાજપ અને ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભાના, બ્રહ્મભટ્ટ પથિકાશ્રમ, અંબાજીના અધ્યક્ષ) ના સુપુત્ર ડૉ. રવિ ચાલુ સાલે લેવાયેલ ઑલ ઇન્ડીયા પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ એન્ટ્રન્સ એક્ઝામમાં ૮૫.૯૬ ટકા સાથે ઉત્તિર્ણ થઇ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં બી.જે. મેડીકલ કોલેજમાં M.D. MEDICINE માં એડમીશન મેળવેલ છે તથા તેમની સુપુત્રી ચિ. રાજલ ફિઝીયોથેરાપી (B.P.T.) ના છેલ્લા વર્ષમાં અમદાવાદ વી.એસ. હોસ્પિટલમાં અભ્યાસ કરે છે. ડૉ. રવિ અને કુ.રાજલ અભ્યાસમાં ખૂબ જ પ્રગતિ કરે અને સિદ્ધિના શિખર સર કરે એવી શુભેચ્છાઓ અને આશીર્વાદ. તેમના દાદાશ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ તરફથી ‘ભટ્ટ ભાસ્કર’ ને રૂા. ૧૫૦૦/- ની ભેટ મળેલ છે.

ભૂલી ગયા છે એ મને એનો જ રંજ છે,
માની રહયા તો જેમની સાથે સંબંધ છે. - મેઘબિંદુ

# છાત્ર ભોજન ફંડ ટ્રસ્ટ રૂા. ૧,૦૦,૦૦૦/-



**શ્રી કનૈયાલાલ (કનુભાઈ) સોમાભાઈ બ્રહ્મભટ્ટ**
ઝારોળા

શ્રી કનુભાઈ સોમાભાઈ બ્રહ્મભટ્ટ મૂળ ઝારોલાના વતની છે. તેમનો જન્મ તા. ૨૫-૪-૩૨ ના રોજ મોસાળ નિસરાયામાં થયો હતો. તેઓશ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલયના ભૂતપૂર્વ છાત્ર છે. તેઓએ ૧૯૫૨માં વિજ્ઞાન શાળામાં ગ્રેજયુએટની પદવી પ્રાપ્ત કરી અને ૧૯૫૪માં પૂર્વ આફ્રિકાના નૈરોબી શહેરમાં સ્થાયી થયા. ત્યાં કોર્ટમાં પાંચ વર્ષ કલાર્ક તરીકે ફરજ બજાવી ૧૯૫૯માં લંડન ગયા. અભ્યાસ કરી બેરીસ્ટરની ડીગ્રી મેળવી. અને નૈરોબી પાછા આવી નામાંકિત કંપનીમાં વીસ વર્ષ કામ કર્યું. પછી પોતાની સ્વતંત્ર ઓફીસ કરી ૭૦ વર્ષની ઊંમરે નિવૃત્ત થઇ પોતાના પુત્ર કપિલ સાથે ઞજઞ માં એટલાન્ટા શહેરમાં રહે છે.

શ્રી કનુભાઈને ત્રણ બાળકો છે. ત્રણેય અમેરીકામાં સેટ થયા છે. મોટી દીકરી દક્ષાબેન ડેન્ટલ હાઈજેનીસ્ટ ની ડીગ્રી મેળવેલ છે. તેના લગ્ન દેવડાના ઉપેન્દ્ર હસમુખલાલ જોડે થયેલ છે. બીજી દીકરી ભારતીબેનનાં લગ્ન ડૉ. બીમલકુમાર પ્રહલાદભાઈ સાથે થયેલ છે. જયારે પુત્ર કપિલભાઈ એટલાન્ટામાં પોતાનો સ્વતંત્ર ધંધો કરે છે. તેનાં લગ્ન જંગરાલના જયદેવલાલ બારોટની દીકરી પલ્લવી (પૂજા) સાથે થયેલ છે.

બોર્ડીંગના પૂર્વ છાત્ર તરીકે બોર્ડીંગની પ્રગતિ જોઈ આનંદની લાગણી વ્યક્ત કરી છે. તેઓ કહે છે કે આ બોર્ડીંગમાં રહેવાનું તથા જમવાનું ફ્રી હતું તેથી જ હું અહીં રહીને મારો અભ્યાસ પુરો કરી શકયો. આ વર્ષ દાજીભાઈ છાત્રાલયનું શતાબ્દી વર્ષ છે ત્યારે તેમના તરફથી 'છાત્રભોજન ફંડ ટ્રસ્ટ'માં રૂા. ૧૦૦૦૦૦/-(એક લાખ પુરા) નું દાન પ્રાપ્ત થયેલ છે. બ્ર.વિ.મંડળ તેમનો આભાર માને છે.

માણસની તકલીફ છે મોટી,
પેટ દુઃખે તો શિર ફૂટે છે. - સુભાષ શાહ

## ગુજરાતમાં સૌથી વધુ સ્ટુડન્ટ વિઝા અપાવતી એકમાત્ર સંસ્થા દ્વારા...

*Your Career path way to* **STUDENT VISA**

### આપની ઉજ્જવળ કારકિર્દી તથા ઉચ્ચ અભ્યાસ માટે ફોરેન એજ્યુકેશન...

**AUSTRALIA**

- ઝડપી વિઝા પ્રોસેસ
- માત્ર ધો.૧૨ પાસ પણ એપ્લાય કરી શકશે.
- એજ્યુકેશન લોન માન્ય
- SVP રૂલ્સ પ્રમાણે ઓછું અને નવું ફંડ સ્વિકાર્ય
- પતિ-પત્નિ સાથે વિઝા
- અભ્યાસ સાથે અઠવાડીયાના ૨૦ કલાક અને વેકેશનમાં ફુલ ટાઈમ વર્ક પરમિટ
- બેચલર ડીગ્રી/ માસ્ટર ડીગ્રી પછી બે વર્ષની (PSW) વર્ક પરમિટ
- IELTS માં માત્ર 5.5 Band

**NEW ZEALAND**

- ઝડપી વિઝા પ્રોસેસ
- સરળ વિઝા પ્રોસેસ
- 100% એજ્યુકેશન લોન માન્ય
- IELTS વગર પણ વિઝાની તક
- 40 થી વધુ યુનિવર્સિટી, પોલીટેકનીક તથા કોલેજની પસંદગી
- વિઝા અપ્રુવલ આવ્યા પછી કોલેજની ફી ભરવાની સગવડ
- ઓછામાં ઓછા ખર્ચમાં અભ્યાસ
- અભ્યાસ પછી એક વર્ષ તથા બીજા બે વર્ષની વર્કપરમીટની તક...
- ડીપેન્ડન્ટને ઓપન વર્ક પરમીટની તક...
- ડિપ્લોમા/બેચલર/માસ્ટર કોર્ષમાં એડમીશન અને વિઝા.

**CANADA**

- માત્ર ૨૦ દિવસમાં વિઝા
- S.P.P.ના નિયમ પ્રમાણે સરળ વિઝા પ્રોસેસ
- કોઈપણ બેન્ક બેલેન્સની જરૂરીયાત નથી.
- IELTS માં માત્ર 6.0 Band
- 40 થી વધુ કોલેજ તથા યુનિવર્સિટીમાં એડમીશન
- ઓછી ફી, ઉચ્ચ શિક્ષણ તથા વર્લ્ડ માન્ય ડીગ્રી
- 2 વર્ષના અભ્યાસ પછી 3 વર્ષની વર્ક પરમીટની તક
- ડિપ્લોમા/બેચલર/માસ્ટર કોર્ષમાં એડમીશન અને વિઝા.

**USA**

- ૨૦૦૦ + યુનિવર્સિટી / કોલેજમાં એડમીશન
- ગેરેન્ટેડ આઈ-૨૦ અને ઝડપી વિઝા પ્રોસેસ
- IELTS વગર પણ એડમીશન
- અભ્યાસ બાદ Optional Practical Training
- અસંખ્યા કોર્ષની પસંદગી
- એકસાથે ૫ વર્ષના વિઝા
- સચોટ વિઝા કાઉન્સીલીંગ
- એક્ષપર્ટ દ્વારા વિઝા ઈન્ટરવ્યુ પ્રિપરેશન



### અમારી સંસ્થા દ્વારા પ્રોસેસના ફાયદા :-

- ☑ છેલ્લા ૧૧ વર્ષનો હોનહાર અનુભવ
- ☑ ગુજરાતમાં સૌથી વધુ સ્ટુડન્ટ વિઝા મેળવવાનો અનુભવ
- ☑ અભ્યાસમાં વિદ્યાર્થીઓની હોશિયારી ધ્યાનમાં રાખી શ્રેષ્ઠ કારકિર્દી માટે કોર્ષ અને યુનિવર્સિટીની સલાહ
- ☑ ફાયનાન્સનું સચોટ માર્ગદર્શન
- ☑ અભ્યાસ બાદ શું એ અંગેનું પણ ચોક્કસ માર્ગદર્શન
- ☑ રીજેક્ટ ફાઈલોમાં પણ વિઝા અપાવી લોક વિશ્વાસ સંપાદન કરેલ છે.
- ☑ અમારા બહોળા અનુભવના પ્રતાપે વિઝા ફાઈલની તૈયારીમાં અંશભાર પણ ખામી રખાતી નથી.
- ☑ વિદેશમાં એડમીશન, વિઝા, એરપોર્ટ પીક-અપ તેમજ રહેવા-જમવાની એક કૌટુંબિક ભાવનાથી મદદ
- ☑ આપની વિઝા ફાઈલ પ્રોસેસ દરમ્યાન અમારા પાસે આપના માટે ખુબજ સમય છે

### શું આપને ઉજ્જવળ ભવિષ્યની ચિંતા છે?

- શું તમે ભણવા માટે ક્યા દેશમાં જવું તેની મુંઝવણમાં છો ?
- શું તમે પણ ઝડપી વિઝા મેળવવા માંગો છો ?
- શું તમે વિદેશના સ્ટડી વિઝા માટેના રૂલ્સ જાણવા માંગો છો ?
- શું તમે કોઈ દેશના વિઝા માટે રીઝેક્ટ થયેલ છો ?
- શું કોઈ યુનિવર્સિટીમાં તમને એડમીશન નથી મળતું ?
- શું તમે તમારા માટે શું બેસ્ટ છે તે જાણવા માંગો છો ?

An ISO 9001:2008 Certified Co.
STORM®
A Global Educational Consulting Group
www.stormgroup.in

**: VADODARA :**
603-604 Galav Chamber, Nr. Dairyden Circle,
Sayajigunj, Vadodara-05. Tel.: 0265-3011331
vadodara@scsedu.com web : www.stromgroup.in

DIRECTOR : PARTH RAO M. 903 3051 160

* Condition Apply

નોંધ : આપને મુંજવતા સ્ટુડન્ટ વિઝાના પ્રશ્નોના ઉકેલ માટે Storm ની અમારી ઉપર દર્શાવેલ બ્રાન્ચની મુલાકાત અવશ્ય લો.

# અગિયારમી પુણ્યતિથિ એ શ્રધ્ધાંજલી



**સ્વ. મહેન્દ્રભાઈ જશભાઈ ઈનામદાર**

સ્વર્ગવાસ તા. ૨૦-૩-૨૦૦૪

**માજી જીલ્લા પંચાયત સદસ્ય, - વડોદરા**

**સ્નેહની હૂંફ ગઈ, સ્મૃતિ રહી ગઈ**
**આંખો સામે હતા, તે તસ્વીર રહી ગઈ**
**આંખો વરસી રહી છે, તસ્વીર જોઈ તમારી**
**મન માનતુ નથી કે, હયાતી નથી તમારી**

તમારો પરોપકારી, મીલનસાર, સેવાભાવી સ્વભાવ સદાય અમને માર્ગ ચિંધતો રહેશે. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

**ઈનામદાર પરિવાર**

| | |
|---|---|
| ગં.સ્વ. દક્ષાબેન ઈનામદાર | ગં.સ્વ. કંચનબા ઈનામદાર |
| જનકભાઈ જે. ઈનામદાર | કેતનભાઈ એમ. ઈનામદાર |
| ઉષાબેન જે. ઈનામદાર | ફાલ્ગુનીબેન કે. ઈનામદાર |
| હીરેનભાઈ એસ. ઈનામદાર | સંદીપભાઈ એમ. ઈનામદાર |
| મયૂરીબેન એચ. ઈનામદાર | મોનાલીબેન એસ. ઈનામદાર |

વૃંદાલી, અક્ષર, નીલકંઠ, પૂજા, જીયા.

બધાનું સાંભળી લેવું અમારી ટેવ છે 'બિસ્મિલ'
કહો જે તમને કહેવું હો, અમારે કૈં નથી કહેવું. - બિસ્મિલ કુતિયાન્વી

## ભટ્ટભાસ્કરના નવા આજીવન ગ્રાહક



**નામ : અશોકભાઈ રણછોડભાઈ બ્રહ્મભટ્ટ**
જન્મ તારીખ: ૨૬-૧૦-૧૯૫૦
વતન : થુવાવી
અભ્યાસ : ધોરણ ૯ પાસ
વ્યવસાય : સીનીયર સીટીઝન
પિતા : શ્રી રણછોડભાઈ લક્ષ્મણભાઈ બ્રહ્મભટ્ટ
માતા : શ્રીમતી સવિતાબેન રણછોડભાઈ બ્રહ્મભટ્ટ
પત્ની : કોકીલાબેન અશોકભાઈ બ્રહ્મભટ્ટ
પુત્ર : (૧) ચિરાગ અશોકભાઈ બ્રહ્મભટ્ટ
(૨) કાર્તિક અશોકભાઈ બ્રહ્મભટ્ટ
સરનામું : સી/૫૨ લવકુશ નગરી વડસર વડોદરા - ૩૯૦૦૧૦
મો. ૯૬૬૨૨૩૨૨૮૨

## ભટ્ટભાસ્કરના નવા આજીવન ગ્રાહક



**નામ : ચિરાગ નરેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ**
જન્મ તારીખ: ૧૮-૮-૧૯૯૨
વતન : ઝારોલા (રાવપુરા)
અભ્યાસ : ડીપ્લોમા ઈન કોમ્યુનીકેશન
વ્યવસાય : નોકરી(Marketing Engineer),(Hi Mak Pvt. Ltd.)
પિતા : શ્રી નરેન્દ્રભાઈ જયંતિભાઈ બ્રહ્મભટ્ટ
નોકરી (જી.એસ.એફ.સી.)
માતા : શ્રીમતી મિતાબેન નરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ - ઘરકામ
બહેન : મેઘના નરેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ- અપરણીત
અભ્યાસ - બી.કોમ. જન્મ તા. ૨૩-૪-૧૯૯૧
દાદા : જયંતીભાઈ ચિમનભાઈ બ્રહ્મભટ્ટ
દાદી : મધુબેન જયંતિભાઈ બ્રહ્મભટ્ટ
સરનામું : એફ/૪૨ નર્મદાનગરી વિભાગ -૧, શ્રી રામ પાર્કની પાછળ, ગોરવા
વડોદરા - ૩૯૦૦૧૬ ફોન. ૦૨૬૫-૨૩૮૬૭૦૦
મો. ૯૯૭૮૮૬૬૦૬૬(ચિરાગ), નરેન્દ્રભાઈ (મો. ૯૪૨૮૧૬૬૧૯૩)

# લગ્ન વિષયક

**નામ : નિયતી સંદિપભાઈ બ્રહ્મભટ્ટ**
વતન : નડીઆદ
જન્મ તારીખ : ૧૯/૧૧/૧૯૯૦
ઉંચાઇ : ૫ ફુટ ૪ ઇંચ
વજન : ૫૮ કિલો
અભ્યાસ : B.Sc. M.Sc. (with organic chemistry)
પિતા : શ્રી સંદિપભાઇ કિશોરભાઇ માણેકલાલ
માતા : શ્રીમતી પ્રિતીબેન જયદેવભાઇ નાથાલાલ તારાપુર (ખંભાત) હાલ - વાપી
ભાઇ : શ્રી અલર્ક સંદિપભાઇ બ્રહ્મભટ્ટ (F.y. B.com)
સરનામું : ૨, શાસ્ત્રીનગર, કિશન સમોસાવાળો ખાંચો,
કોલેજ રોડ, નડીઆદ
મો. ૯૪૨૮૬૫૮૫૦૯, ૯૪૨૬૫૨૨૦૭૧

# લગ્ન વિષયક



**નામ : વિવેક રાજેન્દ્ર બ્રહ્મભટ્ટ**
વતન : નાર- જીલ્લો આનંદ
જન્મ તારીખ : ૨૨/૧/૧૯૯૪
અભ્યાસ : B.Tech. in Electrical Engineering
નિરમા યુનીર્વસીટી અમદાવાદ સાતમા સમેસ્ટરમાં
૮૨% થી ઉત્તિર્ણ થચેલ છે. રિલાયન્સ કંપનીમાં મેનેજર
તરીકે વાર્ષિક ૬૦૦૦૦૦ ના પેકેજથી નિમણુંક થયેલછે.
પિતા : શ્રી રાજેન્દ્ર મણીલાલ બ્રહ્મભટ્ટ (બી.કોમ.)
પોસ્ટ ઓફિસમાં સર્વિસ
માતા : શ્રીમતી વંદના રાજેન્દ્ર બ્રહ્મભટ્ટ (એમ.કોમ. ડી.ટી.પી.)
ગૃહિણી
બહેન : હિરલ રાજેન્દ્ર બ્રહ્મભટ્ટ સાતમા ધોરણમાં અભ્યાસ ચાલુ
સરનામું : એ/૧૧, માંગલ્ય બંગ્લોઝ વિડીયોકોનના ત્રીજા ગેટની સામે,
ચાવડ રોડ, ભરૂચ - ૩૯૨૦૧૫
મો. ૯૯૯૮૩૮૦૭૭૮

કોઇનું ઘર બળે ને કોઇ તાપે છે
અહીં કયાં કોઇનું દુઃખ કાપે છે. - રામુ ડરણકર

# લગ્ન વિષયક




નામ : **શૌનક જિતેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ**
વતન : નડિયાદ
જન્મ તારીખ : ૨૪/૭/૧૯૮૬
જન્મ સમય : ૨-૪૭ બપોરે **(મંગળ નથી)**
જન્મ સ્થળ : ભાટપુરા, તા. સાવલી, જી. વડોદરા
ઉંચાઈ/વજન : ૫' ૧૧'' / ૭૬ કિલો
અભ્યાસ : B.Com. M.B.A. (Marketing)
વ્યવસાય : Service in Canara Bank
Ankleshwar Branch
વા. આવક : 2.5 Lacs
પિતા : **શ્રી જિતેન્દ્રકુમાર એચ. બ્રહ્મભટ્ટ**
[Son of Hiralal D. Barot;
Ret. Dy. Collector]
વ્યવસાય : Weight & Measure
Inspector; Govt. of Guj.
માતા : **શ્રીમતી હંસાબેન જે. બ્રહ્મભટ્ટ**
મોસાળ : ભાટપુરા, તા.સાવલી, જી. વડોદરા.
બહેન : **કિંજલ રશેષકુમાર રાવ** (M.Pharm)
(પરિણિત; હાલ U.K.)
ભાઈ : **જય જિતેન્દ્રકુમાર બ્રહ્મભટ્ટ** (M.Sc. (I.T.)
(અપરિણિત - ૨૩ વર્ષ)
સરનામું : ૧, શકિતકૃપા સોસાયટી, નાના કુંભનાથરોડ, નડિયાદ
ફોન. (0268) 2527427
મો. 94095 81600
E-mail : shaunak1986@gmail.com

**નોંધ : BAPS સ્વામિનારાયણ સત્સંગી છોકરીને પ્રથમ પસંદગી.**

જયાં જરી હું બોલવા જાઉં જુદું
સૂર સૌનો એકસૂરો થૈ ગયો. - મંગળ રાઠોડ

# કુર્યાત સદા મંગલમ્

કઠાણા નિવાસી, હાલ શિકાગો (યુ.એસ.એ) ખાતે સ્થાયી થએલ શ્રી જીતેન્દ્રભાઇ મહાતમભાઇ બ્રહ્મભટ્ટ તેમજ શ્રીમતિ વસુમતીબેન જીતેન્દ્રભાઇ બ્રહ્મભટ્ટના સુપુત્ર ડૉ. નીલના શુભ લગ્ન તા. ૯-૩-૨૦૧૫ ના સોમવારના રોજ કલોલ નિવાસી શ્રી નરહરીપ્રસાદ માણેકલાલ બારોટ તેમજ શ્રીમતી ગીતાબેન નરહરીપ્રસાદ બારોટના સુપુત્રી સૌ. કા. વંદના સાથે કલોલ મુકામે હોટલ જનપથ ખાતે સગાસબંધીઓ, સ્નેહીજનો, મિત્રમંડળ વિગેરેની ઉપસ્થિતિમાં યોજાઇ ગયા. આ શુભ પ્રસંગ નિમિત્તે શ્રી જીતેન્દ્રભાઇ મહાતમભાઇ બ્રહ્મભટ્ટ તરફથી રૂા. ૫૦૦૧/- (અંકે પાંચ હજાર એક) નું દાન જયેશભાઇ બી. બ્રહ્મભટ્ટ મારફતે મળેલ છે.



ડાબેથી શ્રી જીતેન્દ્રભાઇ, ડૉ. નીલ, મોનાબેન, (ડૉ. નીલના બહેન), સૌ.કા. વંદના, શ્રીમતિ વસુમતિબહેન જીતેન્દ્રભાઇ બ્રહ્મભટ્ટ

કોણે કોના આંસુ લૂછ્યા !
થઇ બેઠા સૌ જળચર જોજો. - મહેશ બ્રહ્મભટ્ટ 'સત્યમ્'



# અભિનંદન

શ્રી અજયભાઈ ચંદુભાઈ રાવ (સાવલી) અને સુહાસબેન અજયભાઈ રાવની સુપુત્રી ચિ. મિતાલી અજયભાઈ રાવ ગુજરાત યુનિવર્સિટીમાંથી M.B.B.S. ડીગ્રી મેળવી ઉત્તિર્ણ થયેલ છે. વાચન અને ડાન્સીંગ નો શોખ ધરાવતી મિતાલીને શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન.

**ચિ. મિતાલી રાવ** M.B.B.S.

વૈશાલીબેન કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ
સંગીતાબેન ચિરાગભાઈ બ્રહ્મભટ્ટ
જયશ્રીબેન અગમશરણ રાવ
કીર્તિદાબેન મિતેષભાઈ બ્રહ્મભટ્ટ

સુહાસબેન અજયભાઈ રાવ
નલીનીબેન દેવલભાઈ બ્રહ્મભટ્ટ
મોનાબેન તુષારભાઈ બ્રહ્મભટ્ટ
પ્રિયંકાબેન ઉર્વિલભાઈ બ્રહ્મભટ્ટ



# અભિનંદન

સ્વ. અગમશરણ શ્રાધ્ધશરણ (પાટણા) અને જયશ્રીબેન અગમશરણ રાવના સુપુત્ર ચિ. રતનશરણ રાવે એમ.એસ. યુનિવર્સિટીમાંથી ડીસ્ટ્રીકશન સાથે બી.ઈ. (કેમીકલ) તથા આઈ. આઈ. એમ. માંથી M.B.A. ડીસ્ટ્રીકશન સાથે પાસ કરેલ છે. ચિ. રતનશરણને સ્વીમીંગ અને રીડીંગનો શોખ છે. તેમની ઉજ્જવળ કારકિર્દી બદલ શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન.

**ચિ. રતનશરણ રાવ**
B.E. (કેમીકલ) M.B.A


વૈશાલીબેન કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ
સંગીતાબેન ચિરાગભાઈ બ્રહ્મભટ્ટ
જયશ્રીબેન અગમશરણ રાવ
કીર્તિદાબેન મિતેષભાઈ બ્રહ્મભટ્ટ

સુહાસબેન અજયભાઈ રાવ
નલીનીબેન દેવલભાઈ બ્રહ્મભટ્ટ
મોનાબેન તુષારભાઈ બ્રહ્મભટ્ટ
પ્રિયંકાબેન ઉર્વિલભાઈ બ્રહ્મભટ્ટ

શબ્દ સૌ ચાલ્યા ગયા છોડી તને,
મૌન ગોરંભાય છે લે લખ ગઝલ. - હર્ષ બ્રહ્મભટ્ટ

# રસોઈ

રસોઈની રાપ્ચીક રેસીપી !
માંનો હાથ ! અદ્‌ભૂત સ્વાદ !!



શિવાલી સી. બ્રહ્મભટ્ટ, વડોદરા.

## કેળાંના ગુલાબજાંબુ

**સામગ્રી :**
એક નંગ પાકું કેળું, બે વાટકી મેંદો, ઈલાયચી, બે વાટકી ખાંડ, ઘી, ૫૦ ગ્રામ માવો.

**રીત :** ખાંડની ચાસણી બનાવો. મેંદો ચાળી લો. કેળાં મિક્ષ્ચરમાં બારીક કરીને, મેંદામાં માવો અને કેળાં મેળવો. એને લોટ જેવું કડક બાંધીને ગોળીઓ બનાવો. ઘી ગરમ કરીને એમાં ગોળીઓ નાંખો. આ ગોળીઓ ગુલાબી થાય ત્યાં સુધી તળો. એ પછી ચાસણીમાં નાખો. લાલ ગુલાબજાંબુ તૈયાર.

**સામગ્રી :** બે નંગ પાકેલાં કેળાં. એક મોટો ચમચો ગોળનો ભૂકો, અડધો નાનો ચમચો કાળાં મરીનો પાઉડર, અડધો નાના ચમચો મીઠું, આઠ મોટા બ્રેડના સ્લાઈસ, દોઢ ચમચો માખણ, ચાર મોટા ચમચા ઠંડી મીઠી મલાઈ અથવા ક્રીમ.

## બાજરીના લોટની ગોળપાપડી

**સામગ્રી :**
૨૫૦ ગ્રામ બાજરીનો લોટ, ૩૫૦ ગ્રામ ગોળ, ૧૦૦ ગ્રામ કોપરાની છીણ, એક ચમચો કાળા મરીનો ભૂકો, થોડું ઘી તેમજ ઈલાયચીની ભૂકી.

**રીત :** કડાઈમાં ઘી નાખીને ગરમ કરો. તવા પર લોટ નાખીને થોડો ઈંકી નાખો. ગોળનો ભૂકો બનાવીને સહેજ પાણી છાંટીને ચાસણી બનાવો. પછી એમાં ઈંકેલો લોટ, કોપરાની છીણ, ઈલાયચીની ભૂકી, કાળા મરીની ભૂકી બરાબર મેળવી લો. પછી હાથમાં ઘી લગાડી મિશ્રણની ગોળીઓ (લુવા) બનાવી વણીને પાપડી બનાવો. પાપડી સ્વાદિષ્ટ બનશે. આ બધું કામ તમે જેટલી ઝડપથી કરશો તેટલું સારું રહેઈ. નહિ તો લોટ - ગોળનું મિશ્રણ કડક બની જશે.

---

કોઈપણ પતંગ ઉડાડનાર એની પતંગ કપાય ત્યારે
ફીરકી પકડનારની જ ભૂલો કાઢે છે.

★

**સુધારો :** ભટ્ટ ભાસ્કરના માહે માર્ચ ૨૦૧૫ ના અંકમાં ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર છાપવામાં આવેલ છે. પેજ નં. ૪૬ ઉપર ખર્ચની રકમ રૂા. ૬૪,૪૫૦૦૦/- મુદ્રણ ભૂલના કારણે આવકના કોલમમાં છપાયેલ છે. જે રકમ ને ખર્ચના ખાનામાં વંચાણે લેવી.

હો ભલેને વાત મોઢાંની જરી વિશ્વાસ કર,
શકય કયારે હોય છે લખવું બધું કાગળ ઉપર. - પંકજ ભટ્ટ

# ઘરવૈદું



## ચમત્કારીક 'પાણી પ્રયોગ'

**નલીની ડી. બ્રહ્મભટ્ટ, વડોદરા**

જે નવી અને જૂની જીવલેણ બિમારીઓ દૂર કરવા માટેની એક બહુ જ સરળ અને સાદી પદ્ધતિ છે. જેને આપણે 'પાણી પ્રયોગ' નું નામ આપીશું 'પાણી પ્રયોગ' નામનો લેખ જાપાનીઝ તરફથી આવ્યો છે. જેમાં બતાવવામાં આવ્યું છે કે પદ્ધતિસર 'પાણી પ્રયોગ' કરવાથી નીચે જણાવેલ જૂની અને નવી જીવલેણ બિમારીઓ મટી શકે છે.

❖ માથાનો દુઃખાવો, લોહીનું દબાણ, એનીમીયા, (લોહીની અછત), સંધીવા, લકવો, મોટાપો, (જાડાપણું) હૃદયના ધબકારા અને બેહોશી.

❖ કફ, ખાસી, દમ, બ્રોન્કાઈટીસ, ટી.બી.

❖ મેનેનજાઈટીસ, લીવરને લગતાં રોગો, પેશાબની બિમારીઓ

❖ હાઈપર એસીટીડી (અમ્લપિત્ત) ગેસ્ટ્રાઈટીસ (ગેસને લગતી તકલીફો) મરડો (લ્યુકોરીઆ) હરસ, ડાયાબીટીસ (મીઠો પેશાબ)

❖ આંખની બધી જાતની તકલીફો

❖ સ્ત્રીઓનું અનિયમિત માસિક, પ્રદર (લ્યુકોરીઆ) ગર્ભાશયનું કેન્સર

❖ નાક, કાન અને ગળાને લગતા રોગો વગેરે.

**પાણી પીવાની રીત :**

વહેલી સવારે ઊઠીને મોઢું ધોયા વગર કે બ્રઈં કર્યા વગર ૧.૨૬૦ કિ.ગ્રા. (૪ મોટા ગ્લાસ) પાણી એક સાથે પી જવું. તે પછી ૪૦ મિનિટ સુધી કાંઈપણ ખાવું પીવું નહિ. પાણી પીધા પછી બ્રઈં કરી મોં ધોઈ શકાય. આ પ્રયોગ કર્યા પછી સવારે નાસ્તા પછી અને બપોરે અને રાત્રે જમ્યા પછી બે કલાક બાદ પાણી પીવું અને રાત્રે સુતા પહેલાં કાંઈપણ ખાવું નહિ.

બિમાર અથવા ખૂબ જ નાજુક પ્રકૃતિના માણસો એક સાથે ચાર ગ્લાસ ન પી શકે તો તેઓ પહેલાં એક અથવા બે ગ્લાસ થી શરૂ કરી અને પછી ધીરે-ધીરે એક ગ્લાસ વધારી ૪ ગ્લાસ પર આવી જાય અને ૪ ગ્લાસ નિયમિત પીવાનું ચાલુ રાખી શકે. ખરી વાત એ છે કે બીમાર અથવા તંદુરસ્ત બધાએ આ પ્રયોગ અજમાવવા જેવો છે. બીમારને એટલા માટે કે તેથી તેને તંદુરસ્તી મળશે અને તંદુરસ્ત માણસ આ પ્રયોગ કરશે તો તે કદી બીમાર નહિ પડે. અનુભવો અને પરિક્ષણો પરથી જણાયું છે કે આ પ્રયોગથી જુદા જુદા રોગો નીચે જણાવેલ મુદત દરમ્યાન મટી શકે.

**હાઈપર ટેન્શન (લોહીનું દબાણ) ૧ મહિનામાં**
**ડાયાબીટીસ ૧ મહિનામાં**
**કેન્સર ૬ મહિનામાં.**

**ગેસની તકલીફો ૧૦ દિવસમાં**
**કબજીયાત ૧૦ દિવસમાં**
**ટી.બી. ૩ મહિનામાં**

આ પ્રયોગ જરૂર કરવો
ચોક્કસ ફાયદો થાય જ છે.

માવજત છે એક સરખી પણા તફાવત છે ઘણો,
સંગદિલ છે કંટકો પણ ફૂલ કોમળ હોય છે. - એહમદ હુસેન'એહમદ'

# બ્યુટીટીપ્સ

જેસલ બી. બ્રહ્મભટ્ટ
બ્યુટીશીયન (અમદાવાદ)

## શ્યામ વર્ણ પર મેકઅપ કરતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબતો

❖ મેકઅપમાં ફાઉન્ડેશન મહત્વનું છે. એમાંચ શ્યામ વર્ણ ધરાવતી મહિલાએ ફાઉનડેશનની પસંદગીમાં ધ્યાન આપવું મહત્વનું છે. બજારમાં ફાઉન્ડેશન વિવિધ શેડના મળતા હોય છે. ઘેરા વાન ધરાવતી મહિલાએ બ્રાઉન રંગના ફાઉન્ડેશનનો ઉપયોગ કરવો. ગુલાબી કે સફેદ ફાઉન્ડેશન ઘેરી ત્વચા પર વધુ ચમકે છે. તેમજ કાળાશ પણ ઊભરી આવે છે.

❖ ઘઉંવર્ણી કે શ્યામ ત્વચા માટે ફાઉન્ડેશનને બદલે પેનકેક વાપરવું વધુ ઊચિત છે. આમ કરવાથી મેકઅપના થપેડા દેખાતા નથી. આ શેડ ત્વચા સાથે એટલો મેળ ખાઇ છે કે મેકઅપ ન દેખાતાં નેચરલ લુક જ લાગે છે. તેમજ પાવડર લગાડવાની જરૂર પણ રહેતી નથી.

❖ પેનકેક ન મળે તો ઘેરા બ્રાઉન શેડનું ફાઉન્ડેશન લેવું તેમજ આ ડ સાથે મેળ ખાતા પાવડર કે આઇબ્રો પેન્સિલ વાપરવી. બ્રાઉન આઇબ્રો પેન્સિલ હશે તો વધારે સારો 'ગેટઅપ' લાગશે.

❖ કાજળ શ્યામ વર્ણ પર વધારે મોહક લાગે છે. સામાન્ય રીતે એવો ભ્રમ છે કે ઘેરા વાન પર કાજળ શોભતું નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે કાજળ કરવાથી આંખ મોહક લાગે છે.

❖ કાજળ પછી વારો આવે છે મસ્કરા લગાડવાનો. આછા ભૂરા કે ગુલાબી રંગનો આઇશેડો વધુ દીપી ઊઠશે. જો બ્રાઉન આઇશેડો લગાડવો હોય તો તેના પર આછો આછો સોનેરી સેડનો ટચઅપ આપવો.

❖ લિપસ્ટિકનો શેડ ગુલાબી, લાલાશ પડતો મરૂન રાખવો. બ્રાઉન, ચોકલેટી અને કોફી જેવા રંગથી કાળાશની આભાસ આવે છે.

❖ બ્લશર અથવા રૂઝ લિપસ્ટિક સાથે મેળ ખાતું હોય તો વધારે સારું લાગે છે.

### સ્ટેપ બાય સ્ટેપ મેકઅપ

❖ ચહેરાને કિલજિંગ મિલ્કથી સાફ કરો.

❖ સ્પંજને ભીનું કરી પેનકેક પર ઘસો અને ચહેરા પર એકસાર કરો. પેનકેક ન હોય તો ફાઉન્ડેશન લગાડી શકાય. ગરદન અને કાન પર લગાડવું ભૂલવું નહીં.

❖ આંખને આકર્ષક કરવા બ્રાઉન પેન્સિલથી આછી રેખા દોરવી. ત્યારબાદ આંખના ખૂણાએથી થોડા બહાર ઉપરની તરફ ફેલાવીની આઇશેડો લગાડવો.

❖ પાંપણ ઉપર અને નીચે આઇલાઇનરની પાતળી રેખા કરવી. ત્યારપછી મસ્કરા લગાડવું. મસ્કરા થોડુ ઘટ્ટ લગાડવું જેથી પાંપણ ભરાવદાર અને સુંદર લાગે.

❖ ગાલને ઉભાર આપવા પાવડર રૂઝને ભીના સ્પંજથી લગાડવું. હળવે હળવે ફેલાવવું.

❖ સિપસ્ટિક લગાડતા પહેલા હોઠની રેખાને બ્રશથી આકાર આપવો. હોઠની આઉટલાઇનને ઉપસાવવા બ્રાઉન રંગની આઇબ્રાન્પેન્સિલથી આકાર આપી લિપસ્ટિકની આઉટલાઇન કરી પછી લિપસ્ટિક ભરવી.

નયન સાવ કોરાં નથી શોભતા કૈં
નયનમાં હરખનાં એ આંસુ જરૂરી - પ્રફુલ્લ નાણાવટી

# સંસ્થા સમાચાર

**શતાબ્દી મહોત્સવ માટે
તા. ૧૫-૦૩-૨૦૧૫ રવિવાર**

તા. ૧૫-૦૩-૨૦૧૫ ને રવિવાર ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળ વડોદરાની કાર્યવાહક સમિતિની શતાબ્દી મહોત્સવ માટે શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલયના મધ્યસ્થ હોલમાં શ્રી ભરતઠાકુર કે. બ્રહ્મભટ્ટના પ્રમુખસ્થાને મળી હતી જેમાં નીચેના સભ્યો હાજર હતા.

(૧) શ્રી ભરતઠાકુર કે. બ્રહ્મભટ્ટ - પ્રમુખશ્રી
(૨) શ્રી સતિશભાઇ સી. બ્રહ્મભટ્ટ - મંત્રીશ્રી
(૩) શ્રી ગજેન્દ્રભાઇ આર. બ્રહ્મભટ્ટ - ઉપમંત્રીશ્રી
(૪) શ્રી પ્રવિણભાઇ બી.બ્રહ્મભટ્ટ - કોષાધ્યક્ષશ્રી
(૫) શ્રી વસંતશરણ જી. બ્રહ્મભટ્ટ - કા.સભ્યશ્રી
(૬) શ્રી અશ્વિનકુમાર એમ.બ્રહ્મભટ્ટ- કા. સભ્ય
(૭) શ્રી મુકેશભાઇ એ. બ્રહ્મભટ્ટ - કા.સભ્યશ્રી
(૮) શ્રી જયપ્રકાશભાઇ વી. રાવ - ટ્રસ્ટીશ્રી
(૯) શ્રી બચુભાઇ કે. બ્રહ્મભટ્ટ - ટ્રસ્ટીશ્રી
(૧૦) શ્રી ધીરજભાઇ સી. બ્રહ્મભટ્ટ - તંત્રીશ્રી
(૧૧) શ્રી રાજેશભાઇ વી. બ્રહ્મભટ્ટ - સહતંત્રીશ્રી
(૧૨) શ્રી દિપ્લેશભાઇ જે. બ્રહ્મભટ્ટ - કો.ઓ. સભ્ય
(૧૩) શ્રી કૌશિકભાઇ જે. રાવ - કો.ઓ.સભ્યશ્રી
(૧૪) શ્રી રમેશભાઇ બી. બારોટ - કો.ઓ.સભ્યશ્રી
(૧૫) શ્રી રાજેન્દ્રકુમાર પી. બ્રહ્મભટ્ટ - કો.ઓ. સભ્યશ્રી
(૧૬) પંકજકુમાર સી. બ્રહ્મભટ્ટ - કો.ઓ.સભ્યશ્રી
(૧૭) શ્રી દિલીપભાઇ આર. રાવ -આમંત્રીત
(૧૮) શ્રી ચંદુભાઇ એન. બ્રહ્મભટ્ટ -આમંત્રીત
(૧૯) શ્રી નરેન્દ્રભાઇ એન. બ્રહ્મભટ્ટ - આમંત્રીત
(૨૦) શ્રી કેતનભાઇ ડી. બ્રહ્મભટ્ટ - આમંત્રીત

આ સભામાં નીચે પ્રમાણેના ઠરાવો સર્વાનુમતે પસાર કરાયા હતા.

ઠરાવ નં. ૧

આજની સભામાં શતાબ્દી મહોત્સવ સોવેનીયર પ્રકાશીત કરવા માટે નીચેની કમીટીની નિમણુક કરવામાં આવે છે.

(૧) શ્રી અશ્વિનભાઇ એમ. બ્રહ્મભટ્ટ
(૨) શ્રી મુકેશભાઇ એ. બ્રહ્મભટ્ટ
(૩) શ્રી ધીરજભાઇ સી. બ્રહ્મભટ્ટ
(૪) શ્રી રાજેશભાઇ વી. બ્રહ્મભટ્ટ

**શ્રી ગજેન્દ્રભાઈ આર. બ્રહ્મભટ્ટ**
પ્રસ્તાવક

**શ્રી વસંતશરણ જી. બ્રહ્મભટ્ટ**
અનુમોદક

અવસર વહી જશે તો ફરી આવશે નહિ,
આવી શકો તો આવો હજુ કંઠે પ્રાણ છે. - 'શૂન્ય' પાલનપુરી

# આપ જાણો છો ?

**સાવલી ખાતે સતચંડી યજ્ઞ**

સાવલીના યુવાન ધારાસભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે તા. ૨-૩-૨૦૧૫ થી ૪-૩-૨૦૧૫ 'કેતન ફાર્મ' ખાતે સતચંડી યજ્ઞનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે સસંદસભ્યશ્રી અને ધારાસભ્યશ્રીઓ સહિત વીસ હજાર શ્રદ્ધાળુઓએ દર્શન અને પ્રસાદીનો લાભ લીધો હતો. રાત્રે ગરબાના કાર્યક્રમમાં સાવલીથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપરાંત અન્ય જ્ઞાતિના નાગરિકોએ ભાગ લીધો હતો.

**સુવર્ણ જયંતી મહોત્સવ**

ગુજરાત બ્રહ્મભટ્ટ યુવા સંગઠનના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીનો સુવર્ણ મહોત્સવ તા. ૧૫-૩-૧૫ ના રોજ ટાગોર હોલ પાલડી ખાતે યોજાઇ ગયો. આ પ્રસંગે વિભાગકરભાઇ 'સુવર્ણ જયંતિ મહોત્સવ ગ્રંથ' નું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ તેમને અર્પણ કરાયેલ સન્માનપત્ર નું વાચન 'શુભદા'ના તંત્રીશ્રી કુંજવિહારી બારોટે કર્યું હતું. આ પ્રસંગે વિભાકરભાઇના માતુશ્રી વિદ્યાબા અને ધર્મપત્ની જયશ્રીબેનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો, રાજકિય અગ્રણીઓ તેમજ સમાજસેવકો ઉપસ્થિત રહયા હતા.

**અછાલીયાનું ગૌરવ**

શ્રી સ્નેહલકુમાર બાબુભાઇ રાવ (અછાલીયા) વડોદરા જેઓ એમ.એસ. યુનિવર્સિટી-બરોડાની ટેકનોલોજી ફેકલ્ટીના એપ્લાઇડ મેથેમેટીક્સ ડીપાર્ટમેન્ટમાં આસીસ્ટન્ટ પ્રોફેસર છે તેઓએ સુરતની સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીથી મેથેમેટીક્સના વિષય સ્પેશીગલ ફંકશન અંતર્ગત 'some studes on wright type generalized hupergeometric' નામનો મહાનિબંધ લખી પી.એચ.ડી ની ડીગ્રી હાંસલ કરેલ છે.

**ખંભાત યુવા સંગઠન**

તા. ૧૩/૨/૧૫ના રોજ ખંભાત યુવા સંગઠનની સામાન્ય સભા મળી હતી જેમા તમામ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી પ્રમુખ : સુનિલભાઇ રાવ ઉપપ્રમુખ : ધીરેનભાઇ મહેતા મંત્રીઃ લાલુભાઇ રાવ, કોષાધ્યક્ષ : ગૌરાંગ બ્રહ્મભટ્ટ

**હોસ્ટેલ સત્ર ફી અંગે**

બ્રહ્મભટ્ટ મંડળ, આણંદ-બાકરોલ રોડ, બાકરોલ - વલ્લભવિદ્યાનગર, તા.જી. આણંદ 'ચાલુ વર્ષે જુન ૨૦૧૫ થી વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવા માટે વિદ્યાર્થી ડીપોઝીટ રૂા. ૧૫૦૦/- સત્ર ફી (૧ જુનથી ૩૦ નવેમ્બર રૂા. ૪૦૦૦/- તેમજ ૧ ડીસેમ્બર થી ૩૧ મે) દરમ્યાન રૂા. ૪૦૦૦/- કલ્યાણ ફંડ રૂા. ૫૦૦/-, મેઇનટેનન્સ સત્ર દીઠ રૂા. ૨૦૦/-, લાઇટ બીલ દર માસે રૂા. ૨૦૦/- કુલ રૂા. ૬૪૦૦/- લેવામાં આવશે. બ્રહ્મભટ્ટ જ્ઞાતિના વિદ્યાર્થીઓને કારોબારી સમિતીની

નહિ તો ના મૃત્યુ પ્રવેશી શકે,
બધાં ઘરની સાથે પરિચય હશે. - ધૂની માંડલિયા

મંજુરીથી સત્ર ફી માફ કરવામાં આવશે.'

**કલોલ બાર એસોસીએશન ની ચુંટણી વિજયી થયા**



કલોલના જાણીતા વકીલ અને ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા - દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ, યુવા બ્રહ્મભટ્ટ સંગઠન સાથે જોડાયેલ ભુપેન્દ્ર. ડી. બારોટ. તા. ૩૧-૩-૨૦૧૫ ના રોજ કલોલ બાર એસોશીએશનની ચુંટણીમાં પ્રમુખ તરીકે ભારે રસાકસી બાદ ચુંટાઈ આવેલ છે. અત્યાર સુધીમાં તેઓશ્રી ૧૫ મી વખત પ્રમુખ તરીકે ચુંટાયેલ છે. તેઓ તરફથી સંસ્થાને રૂા. ૫૦૦/- નું દાન મળેલ છે.

**મુંબઈ બ્રહ્મભટ્ટ સમાજ, આયોજીત રાહત દરે નોટબુક વિતરણ**

શ્રી મુંબઈ બ્રહ્મભટ્ટ સમાજ તરફથી જ્ઞાતિના ભણતા બાળકો માટે લોંગ નોટ બુકનું રાહત દે વિતરણ તા. ૭-૬-૨૦૧૫ ના રોજ રવિવાર દેનાબેંક વાડી ભુલેશ્વર, ત્રીજો ભોયવાડા મધ્યે આયોજન કરેલ છે.(સમય ૧૧ થી ૫ વાગ્યા સુધી) તો જ્ઞાતિજનોએ લાભ લેવા વિનંતિ કરવામાં આવે છે.

**નવચંડી યજ્ઞ- અછાલીયા**

શ્રી મહાલક્ષ્મી માતાજીના પાટોત્સવ દિન નિમિત્તે સંવત ૨૦૭૧ ના વૈશાખ વદ આઠમને તા. ૧૧/૫/૧૫ને સોમવારના શુભ દિવસે નવચંડી યજ્ઞ (હવન) ગામ અછાલીયા મુકામે રાખેલ છે. તેના મુખ્ય યજમાન દિલીપસિંહ નવલસિંહ રાવ તથા ધીરજસિંહ નવલસિંહ રાવ છે. સર્વે જ્ઞાતિજનોને દર્શન તથા પ્રસાદનો લાભ લેવા નિમંત્રણ છે.

**નવચંડી યજ્ઞ - બાલાશિનોર**

ભાટવાડા-બાલાશિનોર ખાતે વાત્રકના સુભાષભાઈ બાબુભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા તા. ૨૭-૩-૧૫ ના રોજ ખોડિયાર માતાના મંદિરે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેલ હતા અને દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો.

**શિક્ષણ**

✦ શ્રી નરેશકુમાર જયંતીલાલ બારોટ (મોટા તારાપુર) હાલ અમદાવાદ ની સુપુત્રી ચિ. પ્રિયા બાયો મેડીકલ એન્જીનીયરીંગની સેમીસ્ટર-૩ ની પરીક્ષામાં ૮૫% સાથે ઉત્તિર્ણ થયેલ છે.

✦ પરેશકુમાર જયંતીલાલ બારોટ (મોટાતારાપુર) ના પુત્ર ભાવીક મીકેનીકલ એન્જીનીયરીંગની પરીક્ષામાં ત્રીજા સેમીસ્ટરમાં ૮૭% સાથે પાસ થયેલ છે.

**અવસાન નોંધ**

✦ હિંમતલાલ છોટાલાલ બારોટ (માતર) વડોદરાનાં ધર્મપત્ની સૌ. આનંદીબેન તા. ૧૫-૩-

૨૦૧૫ નો રોજ અક્ષર નિવાસી થયાં છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એ પ્રાર્થના.

✦ રણજીતસિંહ (પ્રતાપસિંહ) ચંદ્રસિંહ બારોટ (રાજપીપલા) અમદાવાદનું તા. ૭/૩/૧૫ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ ના આત્માને પ્રભુ ચીર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

✦ ઘનશ્યામભાઈ શંકરભાઈ બારોટ માતરનું તા. ૧૦/૩/૧૫ના રોજ માતર ખાતે અવસાનથયેલ છે. તેઓ માનવ પરિવાર અને સીનીયર સીટીઝનમાં સક્રિય હતા.

✦ રાજેન્દ્ર હરિપ્રસાદ બારોટ (નડીઆદ) નું તા. ૭/૩/૧૫ના રોજ કડી મુકામે અવાસન થયું છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

✦ શુશીલાબેન ચંદુલાલ બારોટ (મોટા તારાપુર) નું નવા નરોડા ખાતે તા. ૫-૩-૧૫ ના રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ ના આત્માને પ્રભુ ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

✦ અરવિંદભાઈ મણીધર બારોટ (વેડા) અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના આત્માને ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

✦ કપિલાબેન રામચંદ્ર બારોટ (મોટા તારાપુર) નું નરોડા અમદાવાદ ખાતે ૫-૩-૧૫ ના રોજ અવસાન થયું છે. પ્રભુ એમના આત્માને ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

✦ કાંતાબા રતિલાલ બ્રહ્મભટ્ટ (મોટાતારાપુર) નું તા. ૧૦/૨/૧૫ના રોજ બાપુનગર ખાતે અવસાન થયેલ છે. પ્રભુ એમના આત્માને ચિર શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

## શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટ છાત્રાલય
## શતાબ્દી વર્ષ

વર્ષ ૧૯૧૫માં આપણી જ્ઞાતિના ત્યાગમૂર્તિ શ્રી દાજીભાઈ બ્રહ્મભટ્ટે માત્ર પાંચ વિદ્યાર્થીથી જ્ઞાનની ગંગોત્રી સમા બ્રહ્મભટ્ટ છાત્રાલયની સ્થાપના કરી. જ્ઞાનનું એ ઝરણું જ્ઞાનનો સાગર બન્યું. આ છાત્રાલયનો લાભ ગુજરાત અને તત્કાલીન સૌરાષ્ટ્ર રાજ્યના વિદ્યાર્થીઓને મળ્યો. હજારો ભૂતપૂર્વ છાત્રોમાંથી વર્ગ-૧ ના અધિકારીઓ સાહિત્યકારો અને ઉદ્યોગપતિઓ બન્યા. વર્ષ ૨૦૧૫ શ્રી દાજીભાઈ છાત્રાલયનું શતાબ્દી વર્ષ છે. શ્રી બ્ર.વિ.મંડળ-વડોદરા આ વર્ષને શતાબ્દી વર્ષ તરીકે ઉજવી રહયું છે ત્યારે, ભૂતપૂર્વ છાત્રો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને જ્ઞાતિ અગ્રણીઓને સતાબ્દી વર્ષની ઉજવણીમાં સહકાર આપવા વિનંતી છે. પૂર્વ છાત્રો જ્યાં હોય ત્યાંનું સરનામું અભ્યાસનું વર્ષ વગેરે ટૂંકી માહિતી સત્વરે બ્ર.વિ.મંડળના કાર્યાલય પર મોકલાવે તેવી આગ્રહભરી અપીલ છે.

કૈંક ના સમજાય એવું આવરણ હો,
રેતનો દરિયો અને પાણીનું રણ હો. - ભરત પટેલ

# બાળકોની બાલવાડી

# કંજૂસ કાનિયો



મનહર બારોટ
(ખારાઘોડા) રાજકોટ

કંજુસ કાનિયો એક વખત બજારમાં મિત્રો કેરી લેવા નીકળ્યો. તેણે કેરીવાળાને જઇને પૂછયું ભાઇ કેરીનો શું ભાવ છે ? પચ્ચીસ રૂપિયે કિલો કેરીવાળાએ કહ્યું, કાનિયો કહે ભાઇ, દશરૂપિયે કિલો ન મળે ? મળશે, આગળ જાઓ, કાનિયો આગળ ચાલ્યો, વળી તેણે બીજા કેરીવાળાને પૂછયું કેરીનો શું ભાવ છે ? દશ રૂપિયા, દશ રૂપિયે કિલો, કાનિયો કહે પાંચ રૂપિયે કિલો ન મળે ? આગળ જાઓ મળશે. કાનિયો વળી આગળ ચાલ્યો. તેણે ત્રીજા કેરીવાળાને પૂછયું, કેરીનો શું ભાવ છે ? કેરીવાળો કહે પાંચ રૂપિયે કિલો, કાનિયો કહે તારી વાત તો સાચી પણ તેનાથી સસ્તી નહીં મળે ? અરે મફત મળે એમાં શું. કંજૂસ કાનિયો કહે એમ ? કયાં મળશે ? ગામ બહાર વગડામાં એક આંબાનું ઝાડ છે તેના પર ચડીને કેરીઓ ઉતારી લેજો, કાનિયો તો મિત્રો, ઉપડયો વગડામાં, જઇને જુએ તો સાચે જ મિત્રો એક મોટું આંબાનું ઝાડ હતું. આંબા પર લટુર પટુર કેરીઓ જોઇ કાનિયો તો રાજીના રેડ થઇ ગયો.

કાનિયો તો આંબા પર ચડીને કેરીઓ ઉતારવા લાગ્યો. ત્યાં જ મિત્રો એક મકોડાએ આવી તેના પગે બટકું ભર્યું. કાનિયો તો એકદમ ડરી ગયો. તેના પગ આંબાના થડ પરથી છટકયો અને તે એક ડાળ પકડી લટકી પડયો. કાનિયો ચિંતા કરવા લાગ્યો. હવે મને કોણ બચાવશે ?

ત્યાં જ મિત્રો એક હાથીની સવારી ત્યાંથી પસાર થઇ. કાનિયાએ તેને બૂમ મારી અરે હાથીભાઇ મને જરા નીચે ઉતારોને ? હાથીવાળો ભાઇ દયાળું તેણે તો આંબા નીચે હાથી ઊભો રાખ્યો. પોતે હાથી પર ઊભા થઇને કાનિયાને નીચે ઉતારવા મિત્રો કાનિયાના પગ પકડવા ગયો ને મિત્રો ત્યાં જ હાથી આંબા નીચેથી દૂર ખસી ગયો અને તે કાનિયાના પગ પકડી લટકી પડયો. હવે બંને લટકયાં શું કરવું ? હાથીવાળા ભાઇએ કાનિયાને કહ્યું એ ભાઇ બીજુ તો ઠીક પણ તું ડાળીને નહીં છોડતો નહિતર બંને પડી જશું. હું તને પાંચસો રૂપિયા આપીશ. કંજૂસ કાનિયો પાંચસો રૂપિયાની લાલચ મળતાં મોજમાં આવી ગયો. પાંચસો રૂપિયા કહી તાળી પાડવા ગયો ને ત્યાં જ ડાળી મૂકાઇ ગઇ. અને કાનિયાની તો કેડ જ ભાંગી ગઇ ! હા, તો જોયું ને ? મિત્રો કંજૂસાઇનું પરિણામ ?

★

સુખી થવા માટે ત્રણ વસ્તુ યાદ રાખવી.
રડવું નહીં.... લડવું નહીં...
અને કોઇને નડવું નહીં.

કરે જો પ્રેમ પત્ની, તો જરૂરી સાવધાની છે
મુસીબત રૂપ બદલીને ફરીથી આવવાની છે. - ડૉ. દેવેન્દ્ર બ્રહ્મભટ્ટ 'દેવ'

# બાલવાડી નાં પુષ્પ



નામ : હર્ષ બારોટ
ઊંમર : ૫ વર્ષ
વતન : (સાઠોદ) વડોદરા
પિતા : રાકેશકુમાર હસમુખભાઈ બારોટ
માતા : પૂર્વા રાકેશકુમાર બારોટ

## નદી કિનારે વસેલાં શહેરો

મિતવા ટી. બ્રહ્મભટ્ટ
ધો. ૧૦ (વડોદરા)

સાબરમતી - અમદાવાદ
નર્મદા - ભરૂચ
તાપી - સુરત
વિશ્વામિત્રી - વડોદરા
મચ્છુ - મોરબી
ગોમતી - દ્વારકા
સરસ્વતી - સિધ્ધપુર
હાથીમતી - હિંમતનગર
ભોગાવો - સુરેન્દ્રનગર
પૂર્ણા - નવસારી
મેશ્વો - શામળાજી

## હાઈકૂ

શશિકાન્ત એચ. બ્રહ્મભટ્ટ
(નાર)

છે જન્માષ્ટમી
વધાવો દીકરી, એ
પ્રભુ પ્રસાદી.

★

હાર્યા જૂગટુ
પાંડવો, તોયે રમે
જુગાર ભક્તો !

ભોગ છપ્પન
દેખી હિંડોળે, બાળ
આંખને ચોળે !

★

ખાય માખણ
કૃષ્ણ, દોહ્યલી છાસ
દીન ભક્તોને !

★

વેધી મત્સ્યને
મળે ભાર્યા, વેબ
ભરોસે રડયા !

સુખ અને સફળતામાં તફાવત છે.
જીવનમાં : જે ગમે તે મળે નામ તેનું
સફળતા
જીવનમાં : જે મળે તે ગમે તેનું
નામ સુખ

જરૂરી નથી કે,
દુશ્મન બનાવવા માટે,
ઝગડવું પડે,
તમે થોડા સફળ થઈ જાવ
એતો તમને મફતમાં મળશે.

ઊગતો પૂજાય છે સૂરજ અહીં,
મે નિભાવી છે તમસની મિત્રતા. - ગિરિરાજ બ્રહ્મભટ્ટ 'સરળ'

# માર્ચ - ૨૦૧૫ ની આવક


| નં. | કોના તરફથી | હસ્તે | દાન ભેટ | ભ.ભા. આ./વા. સભ્ય ફી | ભ.ભા. જાહેરાત | હોલ-જમીન લાય. ફી | સર્વીસ ટેક્ષ | હોલ જમીન બુકીંગ ડીપો. | બ્ર.વિ.મંડળ આ.સભ્ય | ગેસ વપરાશ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કમલેશભાઇ એન. બ્રહ્મભટ્ટ | અટલશરણ એમ. બ્રહ્મભટ્ટ | | ૧૧૦૦ | | | | | | |
| ૨ | દેવાંગભાઇ આર. રાવ | કાર્યાલય | | | ૭૦૦ | | | | | |
| ૩ | બી.એચ. રાવ | કાર્યાલય | ૧૫૧ | | | | | | | |
| ૪ | મયુરભાઇ પી. બારોટ | રાજેશભાઇ વી. બ્રહ્મભટ્ટ | | ૧૨૦૦ | | | | | | |
| ૫ | ચંદુભાઇ સી. બ્રહ્મભટ્ટ | મુકેશભાઇ એ. બ્રહ્મભટ્ટ | | | ૧૨૦૦ | | | | | |
| ૬ | પ્રફુલ્લભાઇ એન. બ્રહ્મભટ્ટ | મુકેશભાઇ એ. બ્રહ્મભટ્ટ | ૧૧૦૦ | | | | | | | |
| ૭ | પ્રકાશભાઇ આઇ. બ્રહ્મભટ્ટ | કાર્યાલય | | ૩૬૦૦ | | | | | ૩૩૦૦ | |
| ૮ | અનંતભાઇ ભટ્ટ | કાર્યાલય | | | | | | | | ૫૦૦ (સભાખંડ તથા રૂમઉપજ) |
| ૯ | મૃગેશભાઇ વાય. બ્રહ્મભટ્ટ | બચુભાઇ કે. બ્રહ્મભટ્ટ | | ૧૨૦૦ | | | | | | |
| ૧૦ | રમેશચંદ્ર બી. બ્રહ્મભટ્ટ | ભરતઠાકુર કે. બ્રહ્મભટ્ટ | | | ૭૦૦ | | | | | |
| ૧૧ | યોગેશકુમાર એ. ઠાકર | કાર્યાલય | | | | | | ૨૦૦૦૦ | | |
| ૧૨ | વિજયભાઇ એસ. કાકા | કાર્યાલય | | | | | | ૨૦૦૦૦ | | |
| ૧૩ | ન્યુ પંકજ ફરાસખાના | કાર્યાલય | | | | ૨૩૧૦૦૦ | ૨૮૫૫૨ | | | |
| ૧૪ | ભારતસિંહ એમ.પગી | કાર્યાલય | | | | | | | | ૧૧૭૬૦ |
| ૧૫ | હર્ષિલ પરિક્ષીત શર્મા | ધીરજભાઇ સી. બ્રહ્મભટ્ટ | | | | | | | | |
| ૧૬ | નટવરલાલ કે. બ્રહ્મભટ્ટ | ધીરજભાઇ સી. બ્રહ્મભટ્ટ | | | ૧૧૦૦ | | | | | |
| ૧૭ | મફતલાલ એસ. બારોટ | ધીરજભાઇ સી. બ્રહ્મભટ્ટ | | | ૭૦૦ | | | | ૧૧,૦૦૦ | |
| ૧૮ | સંજય આર. બ્રહ્મભટ્ટ | ધીરજભાઇ સી. બ્રહ્મભટ્ટ | ૭૦૦ | | | | | | | |
| ૧૯ | પાર્થીવ બારોટ | બચુભાઇ કે. બ્રહ્મભટ્ટ | | | ૭૦૦૦ | | | | | |
| ૨૦ | કમલેશભાઇ એસ. બ્રહ્મભટ્ટ | કાર્યાલય | | | ૧૫૦૦ | | | | | |
| ૨૧ | કૌશિકકુમાર આર. બ્રહ્મભટ્ટ | કાર્યાલય | | | | | | | | |
| ૨૨ | સુરેશભાઇ કે. મીસ્ત્રી | કાર્યાલય | | | | | | ૧૮૦૦૦ | | |
| ૨૩ | સૌરભ જે. બારોટ | કાર્યાલય | | | ૫૦૦ | | | | | |
| ૨૪ | અશોકભાઇ આર. બ્રહ્મભટ્ટ | કાર્યાલય | | ૧૨૦૦ | | | | | | |
| ૨૫ | જિતેન્દ્રકુમાર એચ. બ્રહ્મભટ્ટ | અશ્વિનકુમાર એમ. બ્રહ્મભટ્ટ | | | ૧૨૦૦ | | | | | |

રોજ દઝાડે અંતરને, એ શ્વાસોનું શું કરવું ?
થાય કદીના પૂરી એવી આશોનું શું કરવું ? - રાજેશ બ્રહ્મભટ્ટ 'રાજ'

(પ્રમુખસ્વામી મહારાજનાં સૂક્તિરત્નો)
વિશ્વ વંદનીય પ્ર.બ્ર.સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની

# અમૃતવાણી

સૌજન્ય - મહેન્દ્રભાઈ એલ. બ્રહ્મભટ્ટ
જલસણ, ટોરોન્ટો, કેનેડા



ભક્ત સાચો હોય એની ભગવાન પરીક્ષા લે. દાદાખાચર મહારાજના અનન્ય ભક્ત હતા. તન,મન, ધન બધું સમર્પણ કર્યું હતું. મહારાજની રુચિ પ્રમાણે બધી સેવા કરતા તોપણ દુઃખ આવ્યું ! ભગવાન કસોટી કરે કે સાચો છે કે પાકો ? જો બરાબર દૃઢ થાય તો સત્સંગમાં સારધાર પાર પડે ને ભગવાન રાજી થાય ને ભગવાનનું સુખ મળે. એટલે ભગવાનને યથાર્થ ઓળખ્યો હોય તો વાંધો ન આવે.

★

વરતાલ -૧૧ માં વાત કરી છે કે, ' સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ આત્મદર્શનનું સાધન છે. આત્મા એટલે શું ? આત્મા તો કંઇ દેખાતો નથી' એવા વિચાર આવે. પણ આત્મા એટલે સત્પુરુષ. એમને વિષે સ્નેહ-હેત થાય તો એ આત્મદર્શનનું સાધન. ભગવાનમાં પ્રીતિ થવાનું પણ એ જ સાધન છે. તો આપણે આત્મા છીએ એટલે સત્પુરુષના જેવું આપણું જીવન થઇ જાય, તો એમના ગુણ આપણામાં આવે.

શ્રીજી મહારાજે પૃથ્વી પર આવી આદેશ આપ્યો કે આપણે બ્રહ્મરૂપ થવું છે. 'જયાં લગી દેહને હું કરી માનશે, ત્યાં લગી ભોગવિલાસ ભાવે...' આ હું છું, મારું કુટુંબ, મારી મિલ્કત એવા ભાવોને લીધે તકરારો થાય છે, પણ દેહભાવ ટાળીને, પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાન પુરુષોત્તમની ભક્તિ કરવાથી સુખિયા થવાય છે.

★

તમે જે સેવા કરો છો, એ સેવા ભગવાન અને ભક્તની સેવા છે. એટલે સેવામાં એવો ભાવ હોવો જોઇએ કે મોટા સંતની પ્રસન્નતા થાય તો જીવ સુખિયો થઇ જાય. તમે જે સેવા કરો છો એ ભગવાન જાણે છે. પછી કોઇ વખાણે કે ના વખાણે એની કોઇ જરૂર નથી. મૂળ નિશાન ભગવાન રાખીએ તો ઉત્સાહ, ઉમંગ 'અહો અહો' થયા કરે. એટલે ભગવાન મળ્યા છે તો એ વિચાર રાખીને એમને રાજી કરવા કાર્ય કરવાનું છે.

મન કો પ્રભુ કી અમાનત સમજકર ઉસે સદા શ્રેષ્ઠ કાર્ય મેં લગાઓ, શુભચિંતન કરો.